
કિંમત ₹ ૫/-
સળંગ અંક ૭૩ - મે - ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશનઃ- દર માસની ૧૧તારીખે
માસિક



**અમદાવાદ મંદિરમાં રામનવમી**
**શ્રી બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે**
**અભિષેક કરતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી**

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧









૧-૨. પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬૯માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે પૂજન કરી આરતી ઉતારતા હરિભક્તો. તથા વિશાળ સભામાં દર્શન આપતા શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો. ૩. પ.પૂ.મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે સભામાં કીર્તન ભક્તિ કરતા સંતો-હરિભક્તો ૪.અમદાવાદ મંદિરમાં રામનવમી - શ્રી હરિ પ્રાકટ્યોત્સવની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. અમદાવાદ મંદિરમાં શ્રી હનુમાન જયંતી નિમિત્તે મારૂતી યજ્ઞની વિધિ કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૬. વિહાર અને કાંકરિયા મંદિરમાં શ્રી હનુમાન જયંતી નિમિત્તે મારૂતીયજ્ઞમાં આરતી ઉતારતા સંતો. ૭ માધવગઢ પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૭૩

મે-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૬ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૭ |
| ૦૩. | સેવાના બત્રીસ દોષ | ૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૮ |
| ૦૫. | સત્સંગનો મહિમા | ૧૦ |
| ૦૬. | વજીબાનું વિજાપુર ધામ | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૭ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૨ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

ધર્મ સંબંધી સાધનમાં એવું ક્યું સાધન છે જે એક રાખ્યે કરીને સર્વે ધર્મ રહે? અને ભગવાન સંબંધી જે ભજન, સ્મરણ, કીર્તન વાર્તા એ આદિક સાધન છે તેમાં એવું એક સાધન ક્યું છે જે આપ્તકાળ હોયને સર્વે જાયને જો એક રહે તો સર્વે રહે ? પછી તેના ઉત્તરમાં મહારાજે કહ્યું ધર્મ સંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે, અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે. (વચ. લોયા-૬)

આપણે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો અચળ નિશ્ચય રાખવો તો તેમાં બધા સાધન માત્ર આવી જાય.

શ્રીહરિએ અમદાવાદમાં સૌ પ્રથમ મહામંદિરનું નિર્માણ સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે કરાવ્યું. જે મહા મંદિરનું જીર્ણોધ્ધારનું અને ત્રણે ઠાકોરજીના સુવર્ણ સિંહાસનોનું મહા ભગીરથ સેવા યજ્ઞ ચાલું છે. આપ પણ યત્કિંચિત યોગદાન આપશો. જેથી કરીને આપની ભાવિ પેઢીમાં પણ વિશેષ ને વિશેષ શ્રી નરનારાયણદેવનો અચલ નિશ્ચય અવિરત રહે અને આપની સર્વે પ્રકારે ઉન્નતિ પ્રગતિ અને યશ કીર્તિ થાય.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(એપ્રિલ-૨૦૧૩)**



૧ થી ૨ માનકુવા (કચ્છ) માંડવી (કચ્છ) પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૪ સાંજે મોટેરા ગામમાં પધરામણી.

૭ થી ૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા (કડીયાવાડ) શ્રી ગણપતિજી, શ્રીહનુમાનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર કથા પ્રસંગે પધરામણી.

૧૨ પ.ભ. જીતુભાઈ ભગતને ત્યાં કથા પ્રસંગે પધરામણી, ઘોડાસર. ત્યાંથી સીટીએમ, મહાદેવનગર, નવા નરોડા અને રાણીપ હરિભક્તોને ત્યાં પધરામણી.

૧૩-૧૪ અંજાર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૧૫ થી ૨૪ કેનેડામાં સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

૨૫ થી ૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.

૨૮ પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૬૯ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



**(એપ્રિલ-૨૦૧૩)**

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા શ્રી ગણપતિજી હનુમાનજીની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૦. રામ નવમી ચૈત્ર સુદ-૯ અક્ષર ભુવન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર જામસર (હાલાર-મૂળી દેશ) કથા પ્રસંગે પધરામણી.

# સેવાના બત્રીસ દોષ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાન વેદવ્યાસ રચિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણના છઠ્ઠા સ્કંધના આઠમાં અધ્યાયમાં અતિ ચમત્કારી વ્રજના પ્રહારનો પણ પ્રતિકાર કરવાની શક્તિ ધરાવતું નારાયણ કવચ વિશ્વરૂપે (દેવોના ગુરૂ) ઈન્દ્રને આપ્યું તેના વડે વૃત્રાસુર દૈત્યના અસ્ત્ર શસ્ત્રના પ્રહારથી રક્ષા મળી. અને દૈત્યનો વધ કર્યો. ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી શ્લોક ૮૫ માં લખ્યું છે કે જ્યારે ભૂત-પ્રેતાદિનો ઉપદ્રવ થાય ત્યારે નારાયણ કવચનો જપ કરવો. નારાયણ કવચમાં કુલ ૪૩ રક્ષા કવચ છે. તેમાંનું ૧૪ મું રક્ષા કવચ "હે દેવર્ષિ વર્ય નારદજી !" ભગવાનની સેવામાં થતા દોષોમાંથી રક્ષા કરો. તમને આશ્ચર્ય થશે કે, ભગવાનની સેવાથી તો પુણ્ય અને પ્રસન્નતા મળે છે. તો વળી દોષ ક્યાંથી આવ્યા. સેવાના દોષ એટલે કે સેવામાં થવા પામતી શરતચૂક, જ્ઞાનનો અભાવ, શ્રધ્ધાનો અભાવ, પ્રતિકુળ સેવા, વિપરિત બુદ્ધિ વડે ભગવાનના અપરાધ થાય કે સેવક ભાવ ચૂકી જવાથી સેવામાં ભગવાનને રાજી કરવાના બદલે કુરાજી (નારાજ) થઈ જાય છે. તેવા દોષો ભક્તિ માર્ગમાં વિધ્નરૂપ છે. અને પોતાના પુણ્યને હરનારા છે. એવા સેવાના દોષના પ્રકોપ વડે પાપીઓના પ્રહાર સફળ થાય છે.

ભગવાન વેદ વ્યાસના પુરાણોમાં સેવાના થતા (૩૨) બત્રીસ પ્રકારના દોષ માનવામાં આવે છે. તે અવશ્ય જાણવા જોઈએ. (૧) ભગવાનના મંદિરે વાહનમાં બેસી અને પગરખાં પહેરીને જવું, એટલે નિજ મંદિરની બહાર દેવની દ્રષ્ટિની સામે વાહનમાં બેસવું નહિ. દરવાજે ઉતરી જવું. (૨) રથયાત્રા, રામનવમી, જન્માષ્ટમી, એકાદશી આદિ વ્રતોના ઉત્સવો ન ઉજવવા તેમજ પૂનમ આરતી થતી હોય તેનાં દર્શન ન કરવા રૂપી દોષ. (૩) ભગવાનની મૂર્તિની સામે વંદન પ્રણામ ન કરવા રૂપી દોષ. (૪) અશૌચ અપવિત્ર (સૂતકાદિ) સ્નાન કર્યા વિના દર્શન પૂજન કરવા રૂપી દોષ. (૫) ભગવાનને એક હાથે પ્રણામ વંદન કરવા રૂપી દોષ. (૬) ભગવાન થાળ જમતા હોય કે પોઢ્યા હોય ત્યારે પ્રદક્ષિણા કરવા રૂપી દોષ તથા એક પરિક્રમા પૂર્ણ કર્યા પછી ક્ષણવાર શ્રી વિગ્રહ (મૂર્તિ)ની સામે ઉભા ન રહેવા રૂપી દોષ એટલે કે પ્રદક્ષિણા કરતાં ભગવાનની સામે ક્ષણ સામે ઉભા રહીને બીજી પ્રદક્ષિણા શરૂ કરવી. (૭) ભગવાનના મંદિરમાં મૂર્તિની સામે પગ લાંબા કરીને બેસવા રૂપી દોષ. (૮) ભગવાનની મૂર્તિની સામે વસ્ત્ર વડે હાથ વડે ઢીંચણ બાંધીને બેસવા રૂપી દોષ. (૯) ભગવાનની મૂર્તિ સામે સૂવું અથવા કથા વાર્તા કીર્તન સત્સંગમાં સૂઈ જવા રૂપી મહા દોષ. (૧૦) ભગવાનની મૂર્તિની સામે ભોજન કરવા રૂપી દોષ. (મંદિરના હોલમાં જમણવાર રાખવો હોય તો પડદો રાખવો.) (૧૧) ભગવાનની મૂર્તિની સામે અસત્ય બોલવા રૂપી દોષ. (૧૨) ભગવાનની મૂર્તિની સામે મોટા અવાજથી બોલવા રૂપી દોષ. (૧૩) ભગવાનની મૂર્તિની સામે ભક્તોએ અંદરો અંદર કોઈ પણ પ્રકારની વાતો ચર્ચા કરવા રૂપી દોષ (ફોન પર વાતો કરવી તે પણ દોષ.) (૧૪) ભગવાનના શ્રી વિગ્રહની સામે ચીસો પાડવી, બૂમો પાડવી કોઈને અવાજ કે ઈશારાથી બોલાવવાના દોષ. (૧૫) ભગવાનના શ્રી વિગ્રહની સામે વિવાદ, ઝઘડો, કલહ કરવા રૂપી દોષ. (૧૬) ભગવાનની મૂર્તિની સામે કોઈને શારિરીક-માનસિક કષ્ટ આપવા રૂપી દોષ. (૧૭) ભગવાનની મૂર્તિની સામે કોઈના પર દયાવાન થઈને મન બીજાના પર કેન્દ્રીત કરવા રૂપી દોષ. (૧૮) ભગવાનની મૂર્તિની સામે કોઈને નિર્દય વચનો કહેવા રૂપી દોષ. (૧૯) ભગવાનની મૂર્તિની સામે આખું શરીર કાંબલ (શાલ) થી ઢાંકીને અથવા અપૂર્ણ વસ્ત્ર પહેરીને જવું કે ઉભા રહેવા રૂપી દોષ. (૨૦) ભગવાનની મૂર્તિની સામે કોઈની પણ નિંદા કરવા રૂપી દોષ. (૨૧) ભગવાનની મૂર્તિની સામે બીજા કોઈની પ્રશંસા કરવી કે અન્યની સ્તુતિ કરવી. પ્રાર્થના કરવી તેવા દોષ. (૨૨) ભગવાનની મૂર્તિની સામે ગાળો બોલવી અશ્લીલ વાતો કરવી તે દોષ. (૨૩) ભગવાનના શ્રી વિગ્રહની સામે ઓડકાર ખાવા, અધો વાયુ છોડવો વિગેરે રૂપી દોષ. (૨૪) પોતાની શારિરીક આર્થિક શક્તિ પૂર્ણ હોય છતાંય ગૌણ એટલે કે પૂર્ણ ઉપચારોને બદલે સામાન્ય ઉપચારોથી પૂજા કરવી જેમ ઘેર આપણે ઈચ્છા મુજબ ભોજન બનાવીને જમતા હોઈએ અને ભગવાનને સીંગ સાકરીયા કે રોજ માત્ર લાડુ ધરાવીને થાળ કરીએ તેમજ ઋતુ મુજબ ઠંડી ગરમી વર્ષા અનુસાર ભગવાનની અભિરૂચિ મુજબ સમય સમય પ્રમાણે દેહને એ દેવને અન્યાયે સેવામાં અપૂર્ણતા કે કચાસ રાખવા રૂપી દોષ. ભગવાનની સેવા પૂજા નોકર ચાકર દ્વારા કરાવે સ્વયં સેવા ન કરે જેમ ગામડાના મંદિરોમાં પગારદાર પૂજારી રાખીને પૂજા કરાવે સત્સંગીઓ ભક્તો સમર્થ હોવા છતાં, અવકાશ હોવા છતાં, અને પૂજાને પાત્ર હોવા છતાં સેવામાં અન્યને પ્રેરે, સેવામાં દૂર રહેવાવાળાને સેવક ધર્મમાં દોષ ગણાય. તેમજ પરમેશ્વરના વૈભવથી

પોતે અધિક ન રાખે પરંતુ ન્યુન રાખે એટલે કે ઈષ્ટ દેવના મંદિર કરતાં પોતાનું ઘર વધુ વૈભવશાળી ન રાખવું. સરખામણીમાં તમામ પદાર્થ ઉતરતાં રાખવા એ પણ ભક્તિ છે. (૨૫) ભગવાનને ધરાવ્યા વિના એટલે કે માનસિક અથવા ભગવાનના ભક્તોએ ભગવાનને અર્પણ કર્યા વિના કોઈ વસ્તુનો ઉપયોગ કરી શકાય નહિ, તે આત્મ નિવેદી ભક્તના લક્ષણ છે. ઘરમાં જે વસ્તું રાંધવામાં આવે તે ભગવાનને ધરાવ્યા વિના લેવાય નહીં તેમજ બહાર ગયા હોઈએ ત્યારે જળ ફળ વિગેરે ભગવાનને અર્પણ કર્યા વિના જમવાના દોષ. (૨૬-૨૭) જે ઋતુ ફળ શાક કે ખેતરમાં પકવવામાં આવતા અન્નાદિને સર્વ પ્રથમ ભગવાનને અર્પણ કર્યા બાદ જ ઉપયોગમાં લઈ શકાય. એટલે તો કેટલાક હરિભક્તો પગાર કે નફાની રકમમાંથી ભગવાનનો ભાગ કાઢીને પછી જ ધન ઉપયોગમાં લેતા હોય છે. એવી રીતે ભગવાનને અર્પણ કર્યા વિના ઉપયોગમાં લેવાનો દોષ. (૨૮) ભગવાનની મૂર્તિને પૂઠ દઈને એટલે પાછા ફરીને બેસવું કે ઉભા રહેવાનો દોષ. (૨૯-૩૦) ભગવાનની મૂર્તિની સામે અન્ય કોઈને પ્રણામ કરવા, પગે લાગવું, વંદન કરવા, કુશળતા પૂછવી, ગુરૂ આદિને વંદન કરવું, ગુરૂની સ્તુતિ પ્રાર્થના કરવી, જય ઘોષ કરવો, મોટા પુરુષો, વડીલો, સંતપુરુષો, મહાપુરુષો કોઈને પણ ભગવાનની સન્મુખ વંદન કે ચરણ સ્પર્શ કરે તો દેવનો એટલે કે જેમના દર્શન કરવા આવ્યા છીએ તે સ્વરૂપનું અપમાન રૂપી દ્રોહ થાય છે. મંદિરથી બહાર આવીને યથોચિત પ્રણામ વંદન કરવા પણ નિજમંદિરમાં મૂર્તિ સન્મુખ પ્રણામ વંદન કરવા રૂપી દોષ. (૩૧) પોતાના મુખે પોતાના વખાણ કરવા જેમ કે આજે મારો થાળ છે. આ વાઘા ઘરેણાં મેં આપ્યા છે. આ મંદિર મેં બનાવ્યું છે વિગેરે ભગવાન શ્રી વિગ્રહ પાસે કહેવા બોલવા રૂપી દોષ. (૩૨) કોઈપણ દેવ દેવી ભગવાન કે ભગવાનના અવતારની નિંદા કરવી કે સાંભળવા રૂપી દોષ. હે દેવર્ષિ નારદજી ! મને આ બત્રીસ પ્રકારના દોષ જેનાંથી મારૂ પતન થાય, થવા પામતું હોય તે થકી રક્ષા કરો. જાણે અજાણે જન્મો જન્મમાં ઉપર જણાવેલ સેવાના દોષ થકી મારી રક્ષા કરો. આવા પ્રકારના દોષના અપરાધથી વૃત્રાસુર દૈત્ય મારો વધ કરી નાખશે. આવા દોષથી બચાવવા હે નારદજી તમે સમર્થ છો.

## શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિભક્તોને દશાંશ વિશાંસ ધર્માદો ભરવા અંગે સૂચન

**સમસ્ત શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિભક્તોને નમ્ર નિવેદન છે જે,**

**સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ માં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે,**

निजवृत्युधम प्राप्तधन धान्यादितश्च तैः ॥

अर्प्यो दशांशः कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ॥

**અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃતિ અને ઉધમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિસમો ભાગ અર્પણ કરવો. શિ. શ્લો. ૧૪૭**

**આ શ્રીહરિની આજ્ઞાનું પાલન ફરજીયાત અને ચુસ્તપણે કરવું.**

**દેવ ધર્માદો અન્યત્ર કોઈ ફંડ ફાળા કે ઈતર પ્રવૃતિમાં ન વપરાય, શ્રી નરનારાયણદેવ દેશમાં રહેતા હરિભક્તોએ શ્રીનરનારાયણદેવના જ મંદિરમાં જ પાકી પહોંચ લઈ રોકડ, અનાજ, પદાર્થ જે કોઈ રૂપે આપો તો તે ધર્માદારૂપે અને તેની પાકી પહોંચ લઈનેજ આપવો. કોઈપણ પ્રાઈવેટ સંસ્થા કે મુખ્ય દેવ મંદિરને સંલગ્ન- જોડાયેલ ન હોય તેમાં ધર્માદો આપવો નહી. તેનું ખાસ ધ્યાન રાખવું. આપણા કલ્યાણના કરતલ અને મોક્ષ દાતા ઈષ્ટદેવ શ્રીહરિએ આપણને જે આજ્ઞા કરી હોય તેનું પાલન કરવું. આપણને મહારાજે બહુજ સુખીયા કર્યા છે. વ્યવહારે પણ સમૃદ્ધ છીએ. જેથી આપણી આવકનો દશમો અથવા વિશમો ચોખ્ખો દેવનો ભાગ કાઢીને આપણો વ્યવહાર ચોખ્ખો રાખવો તો આપણે ખૂબજ સુખી સંપન્ન થઈશું. જેટલી આજ્ઞા પળાય તેટલું સુખ વધારે મળશે. આપણા નાના મોટા દરેક મંદિરમાં પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આજ્ઞા પત્ર વિના કોઈને પણ કોઈપણ જાતનો ફંડફાળો ન આપવો. દરેક મંદિરના કોઠારીશ્રી અથવા તેમના પ્રતિનિધિએ પોતાના ગામનો ધર્માદો જાતે મુખ્ય મંદિરમાં અનાજ કે રોકડ અથવા પદાર્થ રૂપે જમા કરાવી તેની પાકી પહોંચ મેળવી લેવી.**

**(લી. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી)**

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે (તા. ૧૪-૩-૨૦૧૩) :** શ્રી નરનારાયણદેવના ઉંબરે આવવાથી પણ અનોખી દિવ્ય શાંતિની અનુભૂતિ થાય છે તો તે શ્રી નરનારાયણદેવના ચરણનો સ્પર્શ કરવાથી કેવી દિવ્ય શાંતિની અનુભૂતિ થતી હશે ! આજના દિવસે અમને એ ચરણ સ્પર્શ અને અભિષેક કરવાનો લ્હાવો મળે છે. આ દેવ એટલા પ્રત્યક્ષ અને પ્રતાપી છે કે કોઈ માણસ એ દેવ આગળ જઈને કંઈક સંકલ્પ રજૂ કરે તો તેનો એ સંકલ્પ ત્વરિત સિદ્ધ થાય છે. હા ! આપણામાં તે માટેની થોડી લાયકાત હોવી જોઈએ !

અમારી પાસે ઘણા માણસો પોતાની વ્યથા લઈને આવે છે ત્યારે અમે એટલું જ કહીએ છીએ કે તમે નરનારાયણદેવને તમારી મૂંઝવણ રજુ કરો, જરૂર દેવ તમારું સારું કરશે.

અમે કોઈ વસ્તુનો કોઈને આગ્રહ પણ કરતા નથી. આપણે જે કંઈ કરીએ છીએ તે જોઈને આપણા બાળકો શીખે છે. ગઈ કાલની જ વાત કરું તો અમે ગઈકાલે ગાદીવાળા તથા લાલજી મહારાજ અને શ્રીરાજા સાથે બેઠા હતા. લાલજી મહારાજ તથા શ્રીરાજાને અમે પૂછ્યું કે આવતી કાલે શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ છે. તમારે સ્કુલ ચાલુ છે તો શું કાર્યક્રમ વિચાર્યો છે ? લાલજી મહારાજ કહે, અમે તો સવારે અભિષેક કરવા આવીશું. શ્રીરાજા કહે, અમે કાલે સ્કુલે રજા રાખી દઈશું. એમ કહીને તેઓ ગયા. થોડીવાર પછી હાથે મહેંદી લગાવીને આવ્યા. પૂછ્યું, કેમ મહેંદી લગાવી ? તો કહે, આપણા બાપનો ઉત્સવ છે, તો અમને તેનો આનંદ હોયને. તૈયાર થવું પડે ને ! પછી ગાદીવાળાને કહે, હવે અમને મહારાજની પ્રસાદીનો થાળ જમાડો ! આપણા સત્સંગનો આ પરિવાર છે. પ્રકૃતિ - સ્વભાવ દરેકના અલગ અલગ હોય. પરંતુ આપણા સૌના બાપ એક છે. પ્રકૃતિને વશ સૌ વર્તતા હોય છે. પ્રકૃતિથી પર કોઈ નથી. જો આપણે પ્રકૃતિથી પર હોત તો અહીં આવ્યા જ ન હોત, અક્ષરધામમાં જ હોત ! એટલે સત્સંગના ભીડામાં રહીને આપણા પ્રકૃતિના દોષો ટાળતા શીખવાનું છે. યજમાનશ્રીએ કહ્યું કે, અમને પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે ફરવાનું ખૂબ સુખ મળ્યું છે. તો મોટા મહારાજશ્રી સાથે રહેવાનું મળે એ તો બહુ ભાગ્ય કહેવાય ! કારણ કે અમને પણ તેઓશ્રીની સાથે રહેવાનો સમય નથી મળતો !

**એપ્રોચ (બાપુનગર) મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં રાત્રી પારાયણ પ્રસંગે (તા. ૧૭-૩-૨૦૧૩) :** ભગવાનના ચરિત્રોનું શ્રવણ માણસને શાંતિ આપે છે જ્યારે જગતના મનુષ્યોના ચરિત્રોનું શ્રવણ કે ગ્રામ્યવાર્તા ઉત્પાત કરાવે છે. છાપું તમે વાંચો તો તમને રસ જરૂર આવશે પરંતુ છાપું શાંતિની પ્રાપ્તિ કરાવી શકશે નહિ. એક દિવસ છાપું વાંચવા ન મળ્યું હોય તો તાલાવેલી થાય કે જગતમાં શું થયું હશે ? ભગવાનના ચરિત્રો સાંભળવાથી ભગવાનમાં પ્રીતિ થાય છે. અને તેમાં પણ શા. સ્વામી નિર્ગુણદાસજી જેવા સંતના મુખેથી જ્યારે ભગવાનની કથા સાંભળતા હોઈએ ત્યારે ભગવાનના સ્વરૂપમાં ચિત્ત સહેજે જોડાયેલું રહે. કારણ કે તેઓની કથામાં સતત ભગવાનના ચરિત્રોની જ વાત આવતી હોય. ભગવાન સિવાયની અન્ય વાત કે દાખલા દ્રષ્ટાંત તેઓની કથામાં ન આવે.

આપણે ભગવાનને દંડવત્ કરીએ, પ્રદક્ષિણા કરીએ કે માળા કરીએ અથવા આવા મોટા કાર્યક્રમો કરીએ. દરેકનો હેતુ એજ હોય છે કે આપણને ભગવાનમાં હેત થાય. જેતલપુરના ગંગામાની વાત આપણે સૌ જાણીએ છીએ. તેમને ભગવાન સાથે કેટલું હેત હતું ! મહારાજને તેઓ ગરમ ગરમ રસોઈ કરીને જમાડતા. વળી મહારાજને મંદિર કરવું હતું ત્યારે ગંગાબાનું એક ઘર ત્યાં અડચણ રૂપ થતું હતું. મહારાજે તેને પાડી નાંખવા માટે ગંગામાને પૂછ્યું ત્યારે તેમણે ના પાડી. સ્વાભાવિક છે કે જ્યાં રહેતા હોઈએ ત્યાં દરેકને મમત્વ હોય ! પરંતુ મહારાજને એ મકાન પાડવું જ હતું એટલે એક દિવસ બહાર ગામ ગયા એટલે મહારાજે ઈશારો કર્યો તેથી સંત-હરિભક્તો-પાર્ષદોએ તે મકાન જમીન દોસ્ત કરી દીધું.

ગંગાબા આવ્યા એટલે ખિજાયા. કોને પૂછીને મકાન પાડ્યું? સંતોને ઉંચા અવાજે જેમ તેમ બોલવા લાગ્યા એટલે ત્યાં બાજુમાં સત્સંગનો દ્રોહી એક બાવો રહેતો હતો. હોકા-ચલમ પીઈને ત્યાં પડી રહેતો. પરંતુ ગામમાં સત્સંગનો પ્રવેશ થવાથી ચેલાની સંખ્યા ઘટવા લાગેલી. તેણે વિચાર કર્યો કે આ સ્વામિનારાયણના સાધુ જો કાયમ આ ગામમાં રહેશે તો આપણું પડી ભાંગવાનું છે. ડોસીનો મિજાજ જોઈને તેને થયું કે આ ડોસી પાવરફુલ લાગે છે હું જો તેની સાથે ભળી જાઉં તો કામ થઈ જાય. સ્વામિનારાયણ અને તેના સાધુઓ આ ગામમાંથી જાય તો આપણને બે-ચાર ચેલા મળે અને હોકા-ચલમનું ચાલે !

લાગ જોઈને બાવો ડોસીમાને કહે, ડોસીમા ! તમે કહો છો તે બરાબર જ છે. આ સ્વામિનારાયણ વાળા તો પહેલેથી આવા જ છે. તેઓને આપણા ગામમાંથી કાઢી મૂકો. એટલે ડોસીએ શું કર્યું ખબર છે ? બાજુમાં પડેલો એક મોટો પથ્થર હાથમાં લીધો. બાવાને એમ કે આ પથ્થર ડોસીમા સાધુને મારશે. પણ ડોસીમાએ તો પથ્થર સીધો બાવાના કપાળમાં જ ફટકાર્યો અને કહ્યું કે આ ભગવાન તથા તેના સાધુઓ તો અમારા છે અને આ પ્રશ્ન પણ અમારા ઘરનો છે એટલે તારે તેમાં વચ્ચે કંઈ ડહોળવાની જરૂર નથી. પછી તો તે બાવો ગામ છોડીને ભાગી ગયો. એટલે આવી રીતે સત્સંગમાં પોતાપણું રાખવું. ગંગાબા જે રાધાકૃષ્ણદેવને પૂજતા તે રાધાકૃષ્ણદેવ આપણે સ્મૃતિ તરીકે ઘનશ્યામ મહારાજની બાજુમાં પધરાવેલા છે.

નાંખી નજર ન પહોંચે એટલા પાછળ હરિભક્તો કથા શ્રવણ કરવા બેઠા છે. સત્સંગનો આ વ્યાપ જોઈને ખૂબ આનંદ થયો. ખોટા ભીડામાં હું માનતો નથી પરંતુ સત્સંગનો ભીડો જોઈને આનંદ થાય છે. અહીં સંતોનું મંડળ સત્સંગ કરાવે છે. શા. નિર્ગુણદાસજી સ્વામીનું તેઓને માર્ગદર્શન છે. કથામાં ભાઈઓ કરતા બહેનોની ભીડ વધારે દેખાય છે. ભાઈઓમાં છેલ્લે થોડું ખાલી દેખાય છે. રાત્રીના સાડા દસ વાગ્યા છે. હશે ! ભાઈઓને સાડા દસ વાગ્યે પણ કંઈ કામ હશે એવું લાગે છે !

## પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચનમાંથી

**એપ્રોચ (બાપુનગર) મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં રાત્રી પારાયણ પ્રસંગે (તા. ૨૦-૩-૨૦૧૩) :**

અહીં કોઈ સુતરીયા હશે તો કોઈ રાદડીયા હશે એમ વિવિધ અટકના સૌ હરિભક્તો હશે પરંતુ છેવટે તમે સૌ એપ્રોચિયા છો એ વાત સૌએ હર હંમેશ યાદ રાખવી. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે અમને ને તમને જે કોઈ મળ્યા છે. તે સૌનું અમારે કલ્યાણ કરવું છે. પરંતુ આપણે નહીં હોઈએ પછી શું ? સ્વામી કહે, મહારાજ આપ જ તેનો ઉત્તર કરો. મહારાજ કહે, આપણને મળેલા ને મળે તેનું પણ અમારે કલ્યાણ કરવું છે. આજે તો કોટિ કોટિ મનવારું ભરીને સૌને અક્ષરધામમાં લઈ જવા છે. મહારાજ કહે, હવે આગળનું કહો સ્વામી. સ્વામી કહે, મહારાજ આપ જ કહો. ત્યારે મહારાજ કહે, સત્સંગીના ગોળાનું પાણી પીશે તેનું પણ કલ્યાણ કરવું છે.

હવે અહીં એક વાત બહુ સમજવા જેવી છે. મોટા ભાગના રોગો પાણી દ્વારા ફેલાય છે. માટે પ્રદૂષિત પાણી જો પીવામાં આવે તો અનેકને તકલીફ થાય છે. માટે પાણી શુદ્ધ જોઈએ. સત્સંગીના ગોળાનું પાણી પ્રદૂષણ રહિત શુધ્ધ હોય તો તે બીજાનું કલ્યાણ કરે. શુદ્ધ પાણી કોને કહેવાય ખબર છે ? મહારાજનો નિશ્ચય, ઉપાસના અને સમજણ અણિશુદ્ધ હોય, મહારાજ અને નરનારાયણદેવમાં લેશ માત્ર ફેર ન સમજતા હોય તેના ગોળાનું પાણી શુધ્ધ કહેવાય ! તેવા ગોળાનું પાણી બીજાનું કલ્યાણ કરે. તેવું પાણી ન હોય અને પ્રદૂષિત થયેલું હોય એટલે કે ગોબરી સમજણ વાળાનું પાણી પીવાથી તો બીજાનું પણ બગડે ! મહારાજે વચનામૃતમાં કહ્યું કે અમારે અને નરનારાયણદેવને સુધો મન મેળાપ છે. મહારાજ અને નરનારાયણદેવને જો જુદા માનશો તો આ જન્મે તો અક્ષરધામમાં નહીં જ જવાય. એ કસર ટાળવા માટે સત્સંગમાં ફરી જન્મ લેવો પડશે. વધારે કંઈ સમજણ ન પડે તો અમે 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' નામની એક નાની પુસ્તિકા લખી છે એ વાંચીને તેનું મનન કરવું.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

# સત્સંગનો મહિમા

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૧૧૪ માં સ્પષ્ટ કહ્યું છે કે ભક્તિ અને સત્સંગ વિના તો વિદ્વાન પણ અધોગતિને પામે. જેને સદ્‌ગતિ એટલે અક્ષરધામની પ્રાપ્તિ કરવી છે તેમને તો દરરોજ સત્સંગ કરવો જ જોઈએ.

ભગવાન કહે છે કે આસન, પ્રાણાયામ વગેરે અષ્ટાંગયોગ સાધન, તત્વના વિચારરૂપ, સાંખ્ય, અહિંસા આદિ સામાન્ય ધર્મ, વેદાદિક સત્તશાસ્ત્રોનાં શ્રવણ પઠનરૂપ સ્વાધ્યાય, કૃચ્છ, ચાંદ્રાયણાદિક તપ, સંન્યાસરૂપ ત્યાગ, યજ્ઞયાગ, અગ્નિહોત્રાદિક ઈષ્ટકર્મ, વાવ-કૂવા, બાગ-બગીચા બંધાવવા વગેરે પૂર્ત કર્મ દાન-દક્ષિણા એકાદશી વગેરે વ્રતોનું અનુષ્ઠાન, દેવપૂજન, તીર્થયાત્રા, બ્રહ્મચર્યાદિક યમ-અશૌચ સંતોષ વિગેરે નિયમો ઉત્તમ છે. પરંતુ આમાનું કોઈપણ મને તેવો વશ કરી શકતા નથી જેઓ સત્સંગ કરી શકે છે. કારણ સત્સંગ બાકીના સમસ્ત સંગ (આસક્તિ)નું નિવારણ કરી માત્ર મારામાં જ પ્રીતિ કરાવે છે તેથી હું વશીભૂત થઈ જાઉં છું. આમ સત્સંગથીજ પ્રભુમાં પ્રીતિ થાય છે. સત્સંગ કોને કરવો જોઈએ તો દરેક મોક્ષભાગી આત્માને સત્સંગની જરૂર છે. ગ.પ્ર. પ્રથમનાં ૭૦ ના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહિ. પણ કોઈ પદાર્થની ઈચ્છાથી સત્સંગ કરવો નહિ. સત્સંગ કરે છે તેને શૂળી (ફાંસી) જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે.

આપણે બધ્ધ જીવને તો સત્સંગની જરૂર છે પણ અક્ષરધામના મહામુક્ત સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ પણ સત્સંગથી વંચિત ન રહેવાય તેટલા માટે દર વર્ષે એકમાસ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને જુનાગઢ સત્સંગ કરાવવા માટે મોકલવા શ્રીજી મહારાજને પ્રાર્થના કરી હતી. આટલા મોટા મુક્તાત્માને શું સત્સંગની જરૂર હતી ? તે તો આપણને સત્સંગનો મહિમા સમજાવવા માટે છે. મોટા સંતો કહેતા જે કથા-વાર્તામાં બંધાણો તે મોડો વહેલો અક્ષરધામમાં જશે. કથા-વાર્તા રૂપ સત્સંગની જેને પ્રાપ્તિ થઈ નથી તે ઘણાં મોટા હોવા છતાં સ્થિતિમાંથી પડી ગયા છે.

નીચેના પ્રસંગોથી સમજીએ.

(૧) વચનામૃતમાં શ્રીજી મહારાજે ભરતજીના આખ્યાનને ચમત્કારી કહ્યું છે. ભરતજી ભગવાન ઋષભજીના દીકરા હતા. ઉપરાંત મોટા ચક્રવર્તી રાજા હતા. આત્માના કલ્યાણઅર્થે રાજપાટ છોડી જંગલમાં તપ કરવા ગયા. ત્યાં કોઈ સત્સંગનો યોગ ન થવાથી પ્રભુ સિવાય મૃગના બચ્ચામાં હેત થઈ ગયું. ને બીજે જન્મે પશુયોનિમાં મૃગલીના દેહમાં જન્મ ધારણ કરવો પડ્યો. એક સાધારણ ભૂલને લીધે પ્રભુ સિવાય મૃગ બચ્ચામાં પ્રીત થઈ જવાથી ભગવાનના દીકરા હોવા છતાં ત્રણ ત્રણ જન્મ લેવા પડ્યાં.

(૨) **સૌભરી ઋષિ :** જેઓએ જળમાં ૬૦ હજાર વર્ષની આકરી તપસ્યા પછી પણ એક માછલાનાં મૈથુનમાં મોહિત થવાથી મોટા તપમાંથી પડી તુચ્છ સંસાર માંડી બેઠા. કારણ ત્યાં સત્સંગનો અભાવ હતો.

(૩) **પરાસર ઋષિ :** સમુદ્રપાર કરવા નાવમાં બેઠા જે નાવ એક તેર વર્ષની અબૂધ ઠીમર કન્યા ચલાવતી હતી. એકાંતમાં તેમા મન મોહિત થઈ અણછાજતી માંગણી કરી આકરા તપના પ્રતાપે દિવસને રાત્રીમાં બદલી નાંખી ને અકૃત્ય કરી વિષયસુખ ભોગવ્યું. જે ભગવાન વ્યાસજીના પિતા હતા. પ્રબળ તપનાં પ્રતાપથી વિષયસુખ ભોગવવા દિવસને રાત્રીમાં બદલી શક્યા પણ કામ વાસનાને હટાવી ન શક્યા. ત્યાં કોઈ સત્પુરુષ રોકનાર ન હતા. નહિતર કામ વાસનાથી પરાજીત ન થાત.

(૪) **એકલશૃંગી ઋષિ** જેઓને સ્ત્રી પુરુષના ભેદની પણ ખબર ન હતી. તેવા મોટા તપસ્વીને પણ જાટકર્મ કરનાર વેશ્યાએ પરાજિત કર્યા.

(૫) સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજી પણ સત્સંગના અભાવને લીધે પોતાની સ્થિતિમાંથી પડી ગયા.

(૬) નારદજીને પણ પ્રભુ સિવાય અન્યમાં પ્રીતિ બંધાવાથી પરણવાનું મન થયું.

(૭) જય-વિજય જે વૈકુંઠધામના દ્વારપાળ હતા ત્યાં પણ સત્સંગના અભાવે સનાકાદિકોનો દ્રોહ કરી બેઠા અને અસુરયોનિમાં જનમ ધરવો પડ્યો.

(૮) **રાધાજી કેટલા** મોટા ભક્ત, ગોલોકના પટરાણી કહેવાય પણ પોતાના ગુણનાં અભિમાનથી ભગવાનમાં અવગુણ પરઠ્યો - એકાંતિક ભક્ત સુદામાં જોડે વઢેવળ કરી બેઠા જેને પરિણામે ભગવાનથી દૂર પૃથ્વી ઉપર આવી એક ગૃર્જરને પોતાનો પતિ બનાવવા પડ્યા.

**સત્સંગમાં પણ માન-મોટ્યપ કેવી દશા કરે છે.**

(૧) **પૂર્ણાનંદજી સ્વામી** નંદ સંત પંક્તિમાં અગ્રગણ્ય ગાયક સંત હતા. માનની મૂર્તિનું બિરુદ મહારાજે આપેલું જે ઘણું વસમું લાગવાથી સત્સંગ છોડી ચાલી નિકળ્યા.

(૨) **મૂળજી લવાણા :** દુષ્કૃત્ય કરનારા હોવા છતાં અગાઉના સત્સંગના બીજબળના પ્રતાપે પુનઃ સત્સંગી બની શ્રીજી મહારાજના હજુરી પાર્ષદ બન્યા. સત્સંગના અભાવને લીધે શ્રીજી મહારાજનો મહિમા જેમ છે તેમ જાણી નહિ શકવાથી સત્સંગમાં આવેલા ધનને ચોરી કરવાની બદદાનત રાખવાથી મહારાજની નજરમાંથી ઉતરી ગયેલા. પરંતુ દયાળુ ભગવાને મીઠો ઠપકો આપી પુનઃ સત્સંગના ભીડામાં લીધા.

**જેને સત્સંગ જીવમાં ઉતાર્યો છે તેવા ભક્તો**

(૧) **સ.ગુ. અદ્‌ભુતાનંદ સ્વામી** મહારાજે એકલા ગામડે ફરવાની છૂટ આપેલી. દૂર દૂર ફરતા એક રાજ્યમાં પહોંચી ગયા. ત્યાંના રાજાને અદ્‌ભુતાનંદ સ્વામીને જોતાવેંત હેત થઈ ગયું. સ્વામીને પોતાના મહેલમાં બોલાવી પોતાની પુત્રી પરણાવી સઘળું રાજ-પાટ આપવા માટે લાલચ આપી વિવશ કર્યા. પરંતુ જીવમાં સત્સંગ હોવાથી મહારાજની મોટપ આગળ આ સુખ કાગ વિષ્ટા તૂલ્ય જાણી છાના માના રાજ્યમાંથી ભાગી છૂટ્યાં. ૪૦ ગાઉ સુધી સળંગ દોડ્યા. જેને લીધે સ્વામીનું આખું શરીર જકડાઈ જવાથી બેસી શકવા પણ સમર્થ ન હતા. છતાં પોતાનો ધર્મ છોડ્યો નહિ. આ હતો સત્સંગનો પ્રતાપ.

(૨) **દાદા ખાચર :** પ્રથમ લગ્ન બાદ દંપતી યુગલ મહારાજને પગે લાગવા ગયા ત્યારે મહારાજે કહ્યું કે ભાઈ-બહેનનું જોડું કેવું શોભે છે. બસ તે જ દિવસથી બંને પતિ પત્નીએ ભાઈ બહેનનો નાતો રાખ્યો, રાત્રે એક શૈયામાં સૂવે અને વચ્ચે એક તલવાર રાખે. ભર જુવાનીમાં એક રૂમમાં સહ શયન કરવા છતાં કામને વશ રાખ્યો. જે મોટા મોટા ઋષિ મુનિઓ જીતી શક્યા નથી.

(૩) **સુરાખાચર :** વાસ્તુ ખાચરે સુરાખાચર જે રૂમમાં રાત્રિવાસો કર્યો હતો તે રૂમમાં અર્ધરાત્રીએ એક વેશ્યા સ્ત્રીને મોકલી. તેમના ચારિત્ર ધર્મમાં પાડવા ઘણી કોશિશ કરી પણ સુરાખાચરે વેશ્યાને ચોટલી ઝાલી તલવારનો ડારો બતાવી બહાર કાઢી મૂકી. અંતસુધી અખંડ બ્રહ્મચર્ય પાળ્યુ. સત્સંગના પ્રતાપે મહારાજની મોટાઈનું અખંડ અનુસંધાન રહે તો કોઈ વ્યક્તિ-વસ્તુ-પદાર્થ કે અન્ય કોઈ પરાભવ પમાડી શકે નહિ.

## સંપ્રદાયના સૌ પ્રથમ નિર્માણ થયેલ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જીર્ણોધ્ધારમાં સેવા કરવા અંગે

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદ કાલુપુરમાં સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે નિર્માણ કરાવ્યું. સમયના વહેણ સાથે બે સૈકા જેટલા સમયમાં આવુ ભવ્ય અલૌકિક મહા મંદિરને જે તે સ્થિતિમાં સુંદર રીતે જળવાય તેના શિલ્પ સ્થાપત્યની પણ જાળવણી આબેહૂબ જળવાય તેથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પુરાતત્વ વિભાગના તજજ્ઞોની સલાહ મુજબ હાલ જીર્ણોદ્ધારનું કામ ધમધોકાર ચાલે છે. રાજસ્થાનના ગુલાબી પથ્થરો ઘડીને તૈયાર કરીને લગાડવાનું કામ ચાલુ છે. ત્રણે દેવોના સુવર્ણ સિંહાસનનું કામ પણ ચાલું છે. સંપ્રદાયના સૌ પ્રથમ મંદિર અને જે મંદિરમાં સ્વયં શ્રીજી મહારાજે બાથમાં લઈ સ્વસ્વરૂપ મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ આદિ દેવો આપણા કલ્યાણ અને મોક્ષ માટે પધરાવ્યા છે. ભગવાને આપણને ખૂબ સુખિયા કર્યા છે. જેથી આવા મહા ભગીરથ સેવા યજ્ઞમાં સુવર્ણદાન, રોકડ દાન અથવા કોઈપણ સ્વરૂપે સેવા દાન કરીને આપનું જીવન ધન્ય ધન્ય બનાવશો. ખાસ બહેનો સુવર્ણ દાગીના પહેરીને ફરતા હોય છે ત્યારે ઘણીવાર ગઠીયા ચેઈન સ્કેનરો બાજ ઝડપે દાગીના તોડીને ભાગી જાય છે. તો શું આવા આપણા ઈષ્ટદેવને બિરાજવાના સ્થાનમાં આપ સુવર્ણનું દાન કરશો તો લૂંટાવાનો તો ભય નહીં રહે પણ ભગવાન તમારી સલામતીની બધીજ ગેરેન્ટી લેશે. માટે સર્વે સત્સંગી બહેનો આપ જે કાંઈ બને તેટલું સુવર્ણ સિંહાસનમાં સુવર્ણદાન કરી જીવન ધન્ય બનાવશો. આ સેવાની નોંધ શ્રીજી મહારાજના ચોપડે થવાની છે. માટે અમદાવાદ મંદિરના કોઠારમાં આપનું કિમંતી દાન કરી પાકી પહોંચ મેળવી લેશો. આવો અવસર વારે વારે નથી મળતો. માટે આપણને આવુ અહોભાગ્ય મળ્યુ છે તો તેનો લાભ લઈ લેવો.

(લી. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી)

# વજીબાનું વિજાપુર ધામ

- મહેન્દ્રભાઈ એ. પટેલ (હિરાવાડી)



શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉત્તર ગુજરાતમાં અલૌકિક દિવ્ય એવું શ્રીહરિના ચરણોથી ૧૧ વખત પાવન થયેલું અ.મુ. વજીબાનું વિજાપુર ધામ આવેલું છે.

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ઉત્તર ગુજરાતમાં વિચરણ કરતા ત્યારે વિજાપુર ગામે વજીબાને ઘરે શ્રીહરિ પધારેલા અને દિવ્ય અલૌકિક લીલા કરેલી. વજીબા સ્વામિનારાયણ ભગવાનના નિષ્ઠાવાન ભક્ત હતા. જેને કારણે વિજાપુર ગામના દ્વેષી લોકો વજીબાને કહેતા તમારા સ્વામિનારાયણ જો ભગવાન હોય તો તમારા આંગણામાં પીપળો તથા કૂવા ફરતે જગ્યા નથી અને પીપળાની પ્રદક્ષિણા ફરતા કૂવો નડે છે તો તમારા સ્વામિનારાયણ જો ભગવાન હોય તો કૂવા અને પીપાળા વચ્ચે જગ્યા કરી દેતો ભગવાન સાચા. વજીબાના મનમાં ઘણા સમયથી આ સંકલ્પ આવતો હતો અને વજીબાને વિશ્વાસ હતો કે મારા ઘરે પ્રભુ અવશ્ય પધારશે. ભગવાન માટે તેમણે લાડુ તથા નવો ઢોલિયો અને ગાદલું તૈયાર કરી રાખેલ. વજીબાનો સંકલ્પ પુરો કરવા શ્રીસ્વામિનારાયણ ભગવાન સંવત ૧૮૬૨ ના ફાગણ સુદ-૩ ને દિવસે સાંજના સમયે વિજાપુરમાં બાવાનો વેષ ધારણ કરીને વજીબાના ઘરે પધારેલા. વજીબાએ ભગવાન માટે બનાવેલ લાડુ પ્રભુએ સામેથી જમવા માગેલા અને સૂવા માટે ઢોલિયો અને ગાદલું પણ સામે ચાલીને વજીબા પાસે માગેલું અને તેમનો સંકલ્પ પૂરો કરેલ. રાત્રે સૂતી વખતે શ્રીહરિએ પોતાના ચરણ લાંબા કરીને કૂવાની બાજુમાંથી પીપળાને ખસેડીને જગ્યા કરેલી. પછી શ્રીહરિ વહેલી સવારે ત્યાંથી નિકળી ગયેલા. વહેલી સવારે વજીબાએ જોયું તો ઢોલિયામાં કોઈ સૂતેલું દેખાયું નહિ. અને કૂવા પાસે આવીને જોયું તો પીપળાને કૂવાથી ખસેડેલો જોયો. ત્યારે વજીબાને ખબર પડી કે મારે ત્યાં પધારેલો બાવો એજ સ્વામિનારાયણ ભગવાન હતા. આ અલૌકિક દિવ્ય લીલાને તા. ૧૪-૩-૧૩ ફાગણ સુદી-૩ ના રોજ ૨૦૭ વર્ષ પૂર્ણ થતા દિવ્ય લીલાની સ્મૃતિ અર્થે શા. સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શન હેઠળ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ (ઉત્તર ગુજરાત વિભાગ-૫) ના કો.ઓડીનેટર તથા દરેક ગામના સંચાલકોએ અ.મુ. વજીબા સ્મૃતિ મંદિરના ઉપલક્ષમાં માણસાથી વિજાપુર ધામ પદ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ભગવાન જે દિવસે પૂ. વજીબાને ઘરે પધારેલા તે પવિત્ર દિવસ ફાગણ સુદ-૩ તા. ૧૪-૩-૧૩ ને ગુરુવારના બપોરે ૧૨-૦૦ કલાકે માણસા સ્વામિનારાયણ મંદિરથી મંદિરના કોઠારી ચંદ્રપ્રકાશ સ્વામીએ આરતી ઉતારી પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. પદયાત્રામાં નારાયણઘાટ મંદિરના સંત મંડળના સંતો અને માણસા આજુબાજુ ગામના આશરે ૬૦૦ હરિભક્તો ભાઈઓ તથા બહેનો જોડાયા હતા. માણસા, આજોલ, મોતીપુરા વેડા તથા ખણુંસાના હરિભક્તો દ્વારા સ્વાગત તથા દૂધ- વગેરે વ્યવસ્થા કરવામાં આવી હતી. પદયાત્રા વિજાપુર પહોંચતા વિજાપુરના હરિભક્તો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. અને વજીબાના પ્રસાદીના ઘરે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પી.પી. સ્વામી તથા શા. ચૈતન્ય સ્વામીએ પદયાત્રાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. અને પૂજ્ય વજીબાના આ પ્રસાદીની ભૂમિના મહિમાની વાત કરી હતી. જેમ વજીબાના મનોરથ સ્વામિનારાયણ ભગવાને પૂરા કર્યા તેમ ઉત્તર ગુજરાતના તમામ હરિભક્તોના મનોરથ પૂર્ણ થાય અને વજીબાનું સ્મૃતિ મંદિર જલ્દીથી પૂર્ણ થાય એવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ૧૦૦૦ હરિભક્તોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. ગામના હરિભક્તોએ તમામ સેવા કરી હતી.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ


# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી




ગુજરાતમાં કહેવત છે બાર ગાઉએ બોલી બદલાય તે જ રીતે વર્ષો પહેલા ગુજરાતમાં પ્રાંતે પ્રાંતે પાઘ બાંધવાની લઢણ પણ બદલાતી હતી. જો કે અત્યારે આધુનિક યુગમાં તો કોઈ જવલ્લે જ પાઘ બાંધતુ જોવા મળે છે. પરંતુ શ્રીજી સમકાલિન સમયમાં ગુજરાતમાં જુદાં જુદાં પ્રદેશની જુદી જુદી પાઘ શ્રીજી મહારાજને વિચરણ દરમ્યાન ભક્તો ભેટ ધરતા અને શ્રીજી મહારાજ પોતે પણ પાઘ બાંધવામાં પારંગત હતાં. નંદ સંતો રચિત અનેક કીર્તનોમાં જુદી જુદી પાઘના વર્ણન આવે છે એવી અનેક પાઘો મ્યુઝિયમમાં દર્શનાર્થે મૂકવામાં આવેલ છે. એ પાઘોના દર્શનથી શ્રીજી મહારાજના લીલા ચરિત્રોનું સ્મરણ થઈ આવે છે. એ બધી પાઘોને મૂળ સ્વરૂપે જ જાળવી રખાઈ હોવાથી દર્શનાર્થીઓ પાઘના દર્શન કરતી વેળા અનેરો રોમાંચ અને શ્રીજી મહારાજની દિવ્ય હાજરીનો અનુભવ કરે છે. રંગે રમતા પહેરેલી પાઘમાં તો હજુ રંગો પણ જળવાયેલા છે. અને મંદિર નિર્માણમાં માથે પથ્થર ઉંચકતા પહેરેલી પાઘમાં હજુ પ્રસવેદ(પરસેવા)ના ચિન્હો મોજુદ છે. વળી કેટલીક પાઘમાંતો ગજરા તોરાની મહેંક પણ અનુભવાય છે.આ રીતે દરેક પાઘમાં શ્રીજી મહારાજના સ્પર્શનો અનુભવ થઈ આવતા દર્શનાર્થીઓ સંવેદના અનુભવે છે.અહીંની એક એક પાઘ પાછળ એક ભાતીગળ ઈતિહાસ કે શ્રીજી મહારાજનું સંસ્મરણ છુપાયેલ છે. આપ જ્યારે મ્યુઝિયમની મુલાકાતે પધારો ત્યારે આવી દિવ્ય પાઘના દર્શન કરી રોમાંચ અનુભવવાનું ન ચૂકતા.

-પ્રફુલ ખરસાણી

આપણા સંપ્રદાયના વ્રત ઉત્સવોનો નિર્ણય પુસ્તક રૂપે પ્રસિધ્ધ થાય છે. પરંતુ આ વર્ષથી તે નિર્ણયની એપ તૈયાર કરી એપલ સ્ટોર પર મુકાઈ છે. જે આઈફોન અને આઈપેડમાં ડાઉનલોડ કરી ઉપયોગ કરી શકાય છે. તથા ગૂગલ પ્લે પર પણ ઉપલબ્ધ કરાઈ છે. આ એપ્સ આપણાજ સત્સંગી શ્રી ઉમંગભાઈ હરીશભાઈ પટેલ (કૌશલમ્)દ્વારા તૈયાર કરાઈ છે. અગાઉ પણ  તેમણે પ.પૂ.મોટા મહારાજશ્રીના સ્વરમાં શિક્ષાપત્રી ની એપ્સ તૈયાર કરી એપલ સ્ટોર પર ઉપલબ્ધ કરી છે અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની વેબસાઈટ પણ તેઓશ્રીએજ તૈયાર કરી છે. વળી હાલ ''સ્વામિનારાયણ ડોટ ઈન'' સાઈટ પર સ્મૂથ લાઈવ સ્ટ્રીમીંગ પણ તેમને જ આભારી છે. પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ તેમના પર અતિ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - એપ્રિલ-૨૦૧૩

રૂ.૨૫,૦૦૦/- અ.નિ. લાલજીભાઈ લવજીભાઈ પટેલ - અમદાવાદ અ.નિ. અમૃતબેન લાલજીભાઈ પટેલ અ.નિ. હસમુખભાઈ લાલજીભાઈ પટેલ
હ.જયંતિભાઈ તથા જયપ્રકાશભાઈ તથા અશ્વિનભાઈ પ્રસાદીના થંભ નિમિત્તે અગાઉ રૂ. ૧,૦૦,૦૦૦/- આપેલ છે. આમ કુલ રૂ. ૧,૨૫,૦૦૦/- જમા કરાવેલ છે.

રૂ. ૧૧,૧૧૧/- રમેશચંદ્ર વીરચંદભાઈ પારેખ (અમદાવાદ) હ.બકુબા, જયેશ, નીલીમા, મોનીલ અને પૂજન પારેખ પરિવાર

રૂ. ૧૧,૦૦૦/- નિલેષભાઈ શાહ (હોંગકોંગ)

રૂ. ૧૧,૦૦૦/- વિકલ્પ ધીરજભાઈ (અમદાવાદ)

રૂ. ૧૧,૦૦૦/- પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના પ્રસન્નાર્થે ભારતીબેન અશોકભાઈ ઠક્કર

રૂ. ૧૧,૦૦૦/- શ્રી જનાર્દનભાઈ અરજણભાઈ મોરી કાલીયાણા.

રૂ. ૧૦,૦૦૦/- હિતેષભાઈ સુધાકરભાઈ ત્રિવેદી અમદાવાદ

રૂ. ૧૦,૦૦૦/- યોગેશ વાડીભાઈ પટેલ - હાલ યુ.એસ.એ.
હ.વાડીભાઈ પટેલ (કુંડાળ વાળા)

રૂ. ૫,૦૦૧/- ગોપાળભાઈ મેઘજીભાઈ ટાંક (જીરાગઢ) હા.સુરત

રૂ. ૫,૦૦૧/- પાર્વતીબેન ગોપાળભાઈ ટાંક (જીરાગઢ) હા.સુરત

રૂ. ૫,૦૦૦/- શ્રી હરિ ટ્રેડર્સ
હ.લક્ષ્મણભાઈ માવજીભાઈ તથા ભરતભાઈ તથા કાંતિભાઈ પટેલ

રૂ. ૫,૦૦૦/- શારદાબેન હરિભાઈ ગઢિયા(નવા નરોડા) હ.જયદિપભાઈ હરિભાઈ ગઢિયા (ન્યુયોર્ક ફેશન)

એક હરિભકત સત્સંગીબેન તરફથી અંદાજે રૂ. ૬૦,૦૦૦/-ની કિંમતનું સોનાનું મંગળસૂત્ર ગલ્લામાંથી મળેલ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - એપ્રિલ-૨૦૧૩

તા. ૧૦/૦૪/૧૩ જય મનોજભાઈ બ્રહ્મભટ્ટ-નારણપુરા (હા.યુ.એસ.એ.) જન્મ દિન નિમિત્તે (હ.ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ)

તા.૧૧/૦૪/૧૩ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ -વિસનગર હ.ઉદયનભાઈ મહારાજા

તા.૧૬/૦૪/૧૩ જયદિપભાઈ હરિભાઈ ગઢીયા-નવા નરોડા ન્યુયોર્ક ફેશન

તા.૨૦/૦૪/૧૩ દયાળજીભાઈ મોતીભાઈ ટાંક-જીરાગઢવાળા (હા.સુરત) ગોપાળભાઈ મેઘજીભાઈ ટાંક-જીરાગઢવાળા (હા.સુરત)

તા.૨૮/૦૪/૧૩ ભીખાભાઈ વિસાભાઈ પટેલ-ડાંગરવાવાળા (હા.યુ.એસ.એ.) હ.મધુબેન ભીખાભાઈ પટેલ

તા.૨૯/૦૪/૧૩ અશ્વિનભાઈ પરબતભાઈ ડભાસીયા (લંડન)

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા



સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## નિયમમાં રહેવાથી ભગવાનની કૃપા થાય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

પૂર્વ દેશમાં માંતલી ગામમાં પ્રતાપભાનું નામે એક રાજા બહુ યોગસિધ્ધ હતો. રાજા હોવા છતાં એ યોગી હતાં. શતાનંદ સ્વામીને એ મળ્યો, વંદન કર્યા. હાથ જોડીને સ્વામીને પોતાના રાજ્ય મહેલમાં લઈ ગયો. પ્રતાપભાનુ મુનિરાજને બેસારી અને કહે છે - સ્વામીજી ! હું બહુ દુઃખી છું. યોગસિધ્ધ છું, મારી ઈચ્છા પ્રમાણે હું સમાધિમાં જાઉ છું. એક એક વરસ સુધી હું સમાધિમાં રહુ છું. આટલો સિધ્ધ છું, મને કોઈ બંધન નથી, આસક્તિ નથી જગતની કે આ રાજ્ય સત્તાની, સંપત્તિની કોઈપણ આસક્તિ નથી. છતાં પણ મને મોટી મુશ્કેલી છે, દયા કરો.

શતાનંદ સ્વામી કહે છે - બોલ ભાઈ ! જલ્દી બોલ. મારી મુશ્કેલી એ છે - હું આટલું આટલું કરું છું, યોગસિધ્ધિ મારી પાસે છે છતાંય મને અંતરમાંથી, હૃદયમાંથી ખાત્રી થતી નથી કે મારો મોક્ષ થશે. આ પ્રશ્ન પ્રતાપભાનુનો હશે કે પછી આપણો છે ? જરા શાંતિથી વિચારજો. તમારે મુંબઈ, કલકતા, છપૈયા જવું હોય - માણસો બુમો પાડતા હોય - બહુ ભીડ છે - રેલ્વેમાં બહુ ભીડ છે. પણ તમે જે દિવસે જવાના હો એ દિવસનું રિઝર્વેશન તમને મળી ગયું હોય, કન્ફોર્મ સાથે પછી તમારા હૃદયમાં કેવો સંતોષ હોય ! ગમે એટલી ભીડ હોય ને આપણે રિઝર્વેશન છે ત્રણે ત્રણ સિટનું, પાછા કહેતા ફરીએ - અરે આપણે સ્લીપીંગ બર્થ - આખા પાટીયા રિઝર્વેશન અને આ કન્ફોર્મેશન આવી ગયું છે. જુઓ, કાંઈ ચિંતા નહીં. ફાવે એટલી ભીડ હોય તોય શું ! હવે, એક યાત્રામાં કે પ્રવાસમાં એ સતાવાળાએ આપણને ખાત્રી આપી છે જાવ તમને સીટ આખી મળી જશે. તો આપણા મનમાં સંતોષ રહે છે કે રિઝર્વેશન મળ્યું છે એની ખાત્રી છે. પ્રવાસ તો કરવાનો છે જ, છૂટકો જ નથી. ગમે ત્યારે સિત્તેર કે પંચોતેર પંચાસીએ મુસાફરી તો થશે જ. પણ એ ગાડીની ધક્કામુક્કીમાં આપણું રિઝર્વેશન છે કે નહીં, અક્ષરધામની ગાડીમાં ! એવો સંતોષ છે અંદર કે નથી? કે હજુ આ પ્રતાપભાનુની જેમ શંકાશીલ છો ? તેનો વિચાર કરજો. ''પૂછી જો અંતરને તારા હૈયા મુકી હાથ.'' છાતી ઉપર હાથ મુકીને આપણે આપણી જાતને પૂછવા જેવું કે આપણે સંતોષ છે ? ખાત્રી છે કે આપણા મોક્ષમાં કોઈ વાંધો નથી ? જેને જે થવું હોય એ થાય આપણું કલ્યાણ થઈ ચૂક્યું છે એવો અંદરથી ઉંડો અને સચોટ વિશ્વાસ છે ખરો ?

પ્રતાપભાનુ શતાનંદ સ્વામીને કહે છે - આટલી આટલી સિધ્ધિ મારી પાસે છે, હું યોગસિધ્ધ છું. આ ભાગવત સાંભળું છું, જે ભાગવતે સાત દિવસમાં પરિક્ષિતને મોક્ષની ખાતરી આપી દીધી એ ભાગવત હું સાંભળું છુ પણ મને અંતરમાંથી એમ નથી થતુ કે મારો મોક્ષ થશે જ. આનું શું કારણ ?

શતાનંદ સ્વામી કહે છે - બેસી જા. જ્યારે કોઈને પણ જ્ઞાનનો ઉપદેશ આપવાનો હોય ત્યારે ઉભા ઉભા નહી આપવાનો. ઉભા ઉભા આપેલો ઉપદેશ કે જ્ઞાન એ એના હૃદયમાં સ્થિર નથી થતું. એટલેતો આપણે કહવેત પડી છે - પેગડે પગ અને બ્રહ્મ ઉપદેશ''. જુના જમાનામાં બધા ઘોડા ઉપર બેસતા એટલે ઘોડાના પેગડામાં પગ મુક્યો હોય અને એની આગળ આપણે કહીએ - જગત મિથ્યા છે, બ્રહ્મ સત્ય છે. પણ પેલો ઘોડો દોડાવવાની તૈયારીમાં છે, એમ બ્રહ્મજ્ઞાન અપાય નહી. અત્યારની ભાષામાં કહીએ તો સ્કુટરની કીક ઉપર પગ મુક્યો હોય ને આપણે કહીએ કે ઉભો રહે, બ્રહ્મજ્ઞાન હાંભળતો જા. પણ પેલો સ્કુટર સ્ટાર્ટ કરવાની તૈયારીમાં છે. તમારૂં બ્રહ્મજ્ઞાન ક્યાં સાંભળશે !! જ્યારે કોઈને પણ જ્ઞાન, આપવું હોય તો સ્વસ્થતાથી બેસારીને - બેસો ભાઈ ! હેઠા બેસો. કોઈને ઘેર ગયા હોઈએ અને ખૂરશીમાં બરાબર આડા પડ્યા હોય અને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ નહીં આપવાનો. જે સ્થિર અને સ્વસ્થ બનીને બેઠા હોય એને જ જ્ઞાનનો ઉપદેશ અપાય. શતાનંદ સ્વામીએ પ્રતાપભાનુને નીચે બેસાર્યો. અને સ્વામીજી તર્ત જ કહેવા લાગ્યા. રાજા સાંભળ. હું તને ખાત્રી કરાવી દઉં. તારા કલ્યાણની ખાત્રી હું લાવી દઉં છું. સ્વામી જોરદાર લાગવગ વાળા હશે ! આપણે આંટા મારી મારીને થાકી જઈએ છતાં રિઝર્વેશન ન મળતું હોય ને કોઈ આપણને એવો ભેટી જાય - ચિંતા શું કરો છો, કઈ તારીખનું જોઈએ? હું લાવી દઉં, તો કેવું હાશ થાય !! સ્વામી કહે છે તારા

મોક્ષનું રિઝર્વેશન હું કરાવી દઉં છું. અત્યારે આ ધરતી ઉપર સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે. પરમાત્માના પ્રભાવ અને પ્રતાપથી અનેકાનેકનો ઉધ્ધાર થાય છે.

સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી કલ્યાણ થઈ જાય છે. એની ખાત્રી જ થઈ જાય છે, એમાં શંકા જ ન હોય. શતાનંદ સ્વામીને દૃઢ ઉપાસના છે. પણ અહીં આગળ સ્વામી શું કહે છે ? સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ગમે તેવા જીવ હોય એનો ઉદ્ધાર થઈ જાય છે. અને એમના આપેલા અગિયાર નિયમોનું પાલન કર. એમનું ભજન કર. તારા કલ્યાણમાં કોઈ શંકા નથી. અને ''નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ'' એ પદમાં પ્રેમાનંદ સ્વામીએ વર્ણવેલ અગિયાર નિયમો મુનિરાજ શતાનંદ સ્વામી માંતલીમાં પ્રતાપભાનુને ધારણ કરાવે છે.

પ્રતાપભાનું રાજા યોગી હોવા છતાં પણ જો નિયમમાં કાચા હતા તો યોગસિધ્ધિ એને સફળ ન થઈ. ગમે તેવો ડાહ્યો માણસ હોય, જ્ઞાની હોય પરંતુ પોતાના ઈષ્ટદેવે ધરાવેલા નિયમ એમાં તો બહુ જ ચુસ્ત રહેવું જ પડે છે. એટલે શ્રીજી મહારાજે સાચા હરિભક્તની વ્યાખ્યા કરી કે - ''નિયમ, નિશ્ચય ને પક્ષ એ ત્રણ જેને દૃઢ હોય એ પાકો હરિભક્ત કહેવાય.'' જે હરિભક્ત પાકો હોય, સાચો હોય એની વ્યાખ્યા આ ત્રણમાં સમાવેશ થાય છે. શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને જે આજ્ઞાઓ કરી એમાંથી ચૂંટેલી આજ્ઞાઓ અગિયાર નિયમ કહેવાય છે. એ અગિયાર નિયમોમાંથી ચૂંટેલા નિયમો એને આપણે પંચવર્તમાન કહીએ છીએ. અગિયાર નિયમો પાળવાની પ્રતિજ્ઞા લેતાની સાથે પ્રતાપભાનુની સ્થિતિ બદલાઈ ગઈ. ભગવત્ દર્શન થયા. જીવમાં મોક્ષની પ્રતિતિ થઈ.

●

## સારૂં વિચારો, સારૂં થશે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થવાના હતા ત્યારે સર્વત્ર દિવ્ય આનંદ ફેલાઈ રહ્યો હતો. ધરતી પરથી લઈને ભગવાનના ધામ સુધીએ આનંદની લહરી ફેલાઈ રહી હતી. પરંતુ કાલીદત્તને અંતરમાં ત્રાસ થવા લાગ્યો છે. કાલીદત્તને જાત જાતના અપશુકન થવા લાગ્યા છે. રાત્રે નિદ્રામાં ભયંકર દૃશ્યો દેખાવા લાગ્યા છે. છપૈયામાં ભગવાન પ્રગટ થવાના છે તેનો આ આસૂરી આત્માને ત્રાસ થવા લાગ્યો છે.

ટૂંક સમયમાં જ પ્રભુ રામનવમીને દિવસે પ્રગટ થયા ! સજ્જનો, ઋષિ મુનિઓ, દેવતાઓને આનંદ આનંદ થવા લાગ્યો. ગાંધર્વો, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. સૌ ધર્મદેવના દ્વારે મંગળ ગીતો ગાવા લાગ્યા. સૌ ભક્તો નાના ઘનશ્યામને રમાડવા આવવા લાગ્યા.

આ બાજુ કાલીદત્તે વિચાર કર્યો. જેનાથી અપશુકનો થતા હતા. તે શત્રુનો જન્મ થઈ ગયો છે. ભગવાન પ્રગટ થાય ત્યારે સૌને આનંદ થાય અને અસૂરને ત્રાસ થાય. કારણ કે તે પ્રભુને શત્રુ માને છે. કાલીદત્તે કૃત્યાઓને ઉત્પન્ન કરી. કૃત્યા કોને કહેવાય ? ખરાબ કૃત્ય કરે તેને કૃત્યા કહેવાય. જાઓ ! અત્યારે ને અત્યારે મારા શત્રુનો જન્મ થયો છે. હજુ તો નાના છે. તેમનો નાશ કરી નાંખો.

પ્રભુને નાના બાળક સમજી કૃત્યાઓ તેમને મારવા આવી સુંદર મુખારવિંદ જેના દર્શન કરતા અંતરમાં શાંતિ થાય. શુભ સંકલ્પ કરતા તે તત્કાળ સિધ્ધ થાય. પરંતુ આ કૃત્યાઓ મારો મારો કરતી આવી. પૂરા કરી નાંખો જીવ લઈલો. આપણા શત્રુઓ. આવા શબ્દો ઉચ્ચારતી અટહાસ્ય કરતી આ બધી કૃત્યાઓ પ્રભુ પાસે આવી. પ્રભુને પોતાના હાથમાં લઈ દૂર ભાગી ગઈ. આ દૃશ્ય જોઈ ભક્તિમાતા મૂર્છા પામી ગયા. ધર્મદેવે હનુમાનજી મહારાજની સ્તુતિ કરી. હે કષ્ટભંજનદેવ, અમારા ઘનશ્યામની રક્ષા કરજો.

કૃત્યાઓ પ્રભુને દૂર દૂર લઈ ગઈ. પ્રભુના સ્વરૂપમાંથી તેજ છૂટવા લાગ્યું. કૃત્યાઓ બળવા લાગી. પ્રભુને હાથમાંથી જમીન પર નીચે મૂકી દીધા. બધી કૃત્યાઓ પરસ્પર બોલ્યા કરે છે. મારો મારો પણ કોઈ પ્રભુની પાસે જઈ શકતી નથી. એ જ વખતે હનુમાનજી મહારાજ આવી જાય છે. હનુમાનજી પોતાની પૂંછથી બધી કૃત્યાઓને બાંધી દે છે. જમીનમાં પછાડે છે. વૃક્ષ સાથે અથડાવે છે. કૃત્યાઓના હાડકા ભાંગવા માંડ્યા છે. ત્યાં પ્રભુને દયા આવી ગઈ. રામ અવતારમાં તાડકાને મારી નાખી. શ્રીકૃષ્ણ અવતારમાં પૂતનાને મારી નાખી પણ આ અવતાર જીવને તારવા માટે છે. મારવા માટે નથી લીધો. આ અવતાર બધાને સુધારવા માટે છે. બધાનો સંહાર કરવા માટે નથી. હનુમાનજી મહારાજ પ્રભુના નેત્ર સામે જોઈ પ્રભુની મરજી સમજી ગયા. તરત કૃત્યાઓને છોડી દીધી ! જાઓ ફરીવાર આવું કૃત્ય ન કરતાં. હનુમાનજીમહારાજે પ્રભુને તેડી લીધા. ઘરે પાછા લઈ આવ્યા. ધર્મદેવના હાથમાં સોંપ્યાં. માતા પિતાને ખૂબ આનંદ થયો.

સજ્જનો ! સૂર્યોદયનો આનંદ માણસ, પશુ, પક્ષી, વનસ્પતિ, બધાને હોય છે. પણ ધુવડને નથી હોતો. તેમ પ્રગટનો મહિમા ભક્તો સંતોને હોય છે. કાલીદત્ત જેવા અસૂરને નથી હોતો. માટે સુખમય મૂર્તિ પરમાત્માનો આનંદ તેમના મહિમાએ સહિત ભજન-ભક્તિ કીર્તન સેવાથી પ્રાપ્ત થાય છે.

માટે ભગવાન કોઈના શત્રુ નથી. પરમાત્મા તો સહુ કોઈના મિત્ર છે. ભગવાન સાથે તમે જેવો ભાવ રાખશો તેવા ભગવાન તમારા માટે બનશે ? માટે મંદિરમાં દર્શને જાઓ, ભગવાન પાસે જાઓ ત્યારે હમેશાં શુભ સંકલ્પો કરશો તો ભગવાન સદાય તમારું શ્રેય કરશે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"સ્ત્રી ધારે તે કરી શકે છે"**

(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

લગ્ન પહેલા દીકરીઓ પોતાના પિતાની છાયામાં હોય છે. લગ્ન પછી પોતાના પતિની આજ્ઞામાં હોય છે. અને વૃધ્ધાવસ્થામાં પોતાના છોકરાઓને આશ્રિત હોય છે છતાં પણ બહેનો પર આખું વાતાવરણ નિર્ભર હોય છે. તમે જુઓ તો કુંવારી કન્યા હોય તેના લગ્ન થવાના હોય તો મનમાં કેટકેટલા કોડ હોય છે. મને આવો પતિ મળશે. સાસરે જઈ હું આમ કરીશ. આ રીતે જીવીશ વગેરે કેવી કેવી કલ્પનાઓ હોય છે. તેના મનમાં તો તે સાસરે જાય છે તો તેની કલ્પનાઓ પુરી નથી થતી તો તે પરિસ્થિતિને અનુરૂપ થઈ જાય છે. તેનામાં પરિસ્થિતિને અનુકુળ થવાની તાકાત છે. સ્ત્રી ધારે તે કરી શકે તેવી તેનામાં શક્તિ છે. અને સ્ત્રીના હાથમાં ઘણું બધું છે. બાળકને ગર્ભમાં લાવવાનું, ગર્ભમાં સંસ્કાર આપવાનું, ગર્ભમાંથી છૂટકારો આપ્યા પછી બાળકને યોગ્ય પોષણ અને યોગ્ય સમજ આપવી અને તે બાળકને ફરીથી ગર્ભના દુઃખમાં જવું ન પડે તેવી શક્તિ અને સંસ્કાર આપવાના, આ કામ ખૂબ મહત્વનું છે. કારણ કે દરેક માતા એવું ઈચ્છતી જ હોય છે કે મારૂ બાળક સુખી થાય. તો બાળકનું સાચું સુખ શામાં છે ? તો બાળકની સાચી માતા તે જ છે કે જે બાળક એક વાર મારા ગર્ભમાં આવ્યું તે બાળકને હવે પછી કોઈના પણ ગર્ભમાં ન જવું પડે. કેમ કે ? ગર્ભવાસનું દુઃખ ખૂબ ભયંકર છે.

જનની જીવો રે ગોપીચંદની,
પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી,
ઉપદેશ આપ્યો એણી પેરે,
લાગ્યો સંસારીડો આગજી,
ધન્ય ધન્ય માતા ધ્રુવતણી,
કહ્યા કઠણ વચનજી,
રાજ સાજ સુખ પરહરી,
વેગે ચાલ્યા વનજી.

તો સંસ્કાર એ જ સાચી મુડી છે. તમે એક બીજ જમીનમાં વાવો છો તે સુકાયેલું હોય છે. તો પણ વિશ્વાસ હોય છે કે શું વાવો છો. અને શું ઉગવાનું છે. તેમ જીવનમાં જેવા સંસ્કારોનું રોપણ કરશો તેવું જ ફળ મળશે. તમારા દીકરા-દીકરીને તમે વારસામાં સંપત્તિ નહિ આપો તો ચાલશે. તમે તેને સારા સંસ્કાર આપ્યા હશે તો ધન તો બાળક મોટો થઈને કમાઈ લેશે. માટે દીકરા-દીકરી સાચા રસ્તા પર છે કે નહિ તે ખાસ ધ્યાન રાખવાનું છે. અને તમારા બાળકોની ૧૪ વર્ષથી ૧૯ વર્ષ સુધીની ઉંમર એવી હોય છે કે આ ઉંમરમાં તેને બધું જાણવાની ખૂબ ઈચ્છા થાય છે. તો તે સમય તમારે ખાસ સાચવી લેવો જોઈએ. તે સમયમાં બાળકોને સાચા સંસ્કાર આપવાની તેમજ તેમની પાછળ થોડી મહેનત કરી બહારના જગતનું તેમજ આધ્યાત્મિક જગતનું સાચું જ્ઞાન આપી સાર અને અસારની સમજણ આપી તેમને કેળવવાની જરૂર છે. નાનું બાળક હોય તેની બધી માગણી માતા-પિતા પુરી નથી કરતા. કેમ કે ? કરે તો બાળક બગડી જાય છે. એટલે તમે તમારા દીકરી-દીકરાના એટલા આદર્શ ગુરુ બનો કે તેના જીવનમાં જ્યારે ગુરુને યાદ કરવાના થાય ત્યારે તમે જ યાદ આવો. મને કોઈ મારા ગુરુને યાદ કરવાનું કહે તો મને મારા 'મમ્મી જ યાદ આવે. એટલે તમે તમારા દીકરી-દીકરાને એટલા ઉંચા સંસ્કાર આપો તે જ તેના જીવનમાં કામ આવશે. તો એક સ્ત્રી એટલી આદર્શ માતા બની શકે છે કે તેના કૂખેથી જન્મેલા બાળકને આ સંસારમાં ફરીથી આવવું જ ન પડે. બહેનો બધી પરિસ્થિતિને પોતાને અનુરૂપ બનાવી શકે છે. બહેનો બધું કરી શકે છે. તેવી પરમાત્માએ તેને શક્તિ આપી છે.

●

**કથાવાર્તાનું શ્રવણ એટલે ભક્તિરસના અમૃત કુંભ**

- સાં.યો. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)

તુલસીદાસજીએ કહ્યું છે કે, મનનો નિગ્રહ કરવા માટે કથા શ્રવણ કરવી.

"જનની જનક બંધુ સુત દારા,
તનુ ધનુ ભવન સુહદ્ પરિવારા,
સબકે મમતા તાગ બટોરી,
મમ પદ મનહિ બાંધી બરી ડોરી."

રામાયણમાં તુલસીદાસજીએ કહ્યું છે કે બધામાંથી મન હટાવી એક પરમાત્મામાં પ્રેમ કરશો તો પરમાત્મા મળશે.

તેથી સાંસારિક બંધનોનો ત્યાગ કરવાનું સફળ સાધન એટલે જ કથાવાર્તાનું શ્રવણ. ત્યારબાદ જ સ્વપનામાં પ્રભુની ઝાંખી થવા લાગે છે. તેને સાધારણ દર્શન કહે છે. પછી મંદિર અને દેવ પ્રતિમામાં પરમાત્માનાં દર્શન થાય છે તેને મધ્યમ દર્શન કહે છે. અને પછી આગળ વધતા ઈશ્વરનું અપરોક્ષ દર્શન થવા માંડે તેને ઉત્તમ દર્શન કહેવાય છે. પછી તો ભક્તને સ્થાવર, જંગમ, પશુ, પક્ષી, પ્રાણી અને સર્વ માનવીમાં ઈશ્વરીય અંશના દર્શન થાય છે. ચિત્તમાંથી મનના રોગ દૂર થતાંજ ભગવાનનાં દર્શન થવા માંડે છે. મનના રોગને દૂર કરવાની ક્ષમતા એટલે જ કથાવાર્તાનું શ્રવણ. તે પણ નિયમિત કરવામાં આવે તો જ ફળદાયી, સુખદાયી અને લાભદાયી નીવડે છે. ભોગમાંથી રોગમાંથી મુક્ત થઈને યોગી કેમ બનવું ? તે શિખવા માટે કથાવાર્તામાં હાજરી આપ્યા વિના ચાલવાનું નથી જ.

જેના હૃદયમાં ઈશ્વર બિરાજે છે તે વ્યક્તિ રાગ દ્વેષથી પર હોય છે. તેને આ દુનિયાના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા, તૃષ્ણા વગેરે સ્પર્શતા નથી. પણ તેનું ચિત્ત સદાય પ્રભુ સ્મરણમાંજ હોય છે. તેનામાં અભિમાનના અંશનો છાંટો પણ જોવા મળતો નથી. તેના ચિત્તની વૃત્તિ ચોવીસે કલાક ભગવાનમાં જ પરોવાયેલી હોય છે. તેના માટે સૌ કોઈ સ્વજન જ હોય છે. આ મારા સગાં છે કે આ મારા સગાં નથી તેવો ભાવ જોવામાં આવતો નથી. ભલે આપણામાં ઉપર જણાવેલ તમામ લક્ષણો હોય કે ન હોય પણ તે પ્રાપ્ત કરવાનો વિચાર આવે તે પણ ઉત્તમ વિચાર છે. આવા ઉત્તમ વિચારને સાકાર કરવાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે ભક્તિ. જીવન જીવવાનો સર્વોત્તમ માર્ગ ભક્તિમાર્ગ છે. ભક્તિમાં ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટે જો કોઈ હાથવગું સાધન હોય તો તે ''કથાવાર્તા'' છે. કથાવાર્તામાં હાજરી આપવાના કારણે જિજ્ઞાસુ, મુમુક્ષુ, ભક્ત જે કોઈ આપણે નામ આપીએ તેના અંતઃકરણના અજ્ઞાનના દરવાજા ખુલી જાય છે. અને તે ભક્તિના જ્ઞાનમાર્ગનો યાત્રિક બની જાય છે. જેને કથાવાર્તામાં હાજરી આપવાનો ચસકો લાગે છે. તેને કેસરીયો રંગ લાગી ગયો એમ કહી શકાય. ભક્તિના રંગે રંગાયેલો તે ભક્ત તેમાં એવો તો રસ તરબોળ થઈ જાય છે કે ધીમે ધીમે તેની સંસાર પ્રત્યેની આસક્તિ ઘટતી જાય છે. અને ઈશ્વર પ્રત્યેની આસક્તિ વધતી જાય છે. જેણે કથામૃતનું પાન કર્યું છે તે ભક્તિના રસમાં ગુલતાન બની જાય છે. તેના જીવનમાં પરિવર્તન આવતું જાય છે. પરમ ભાગવત સંત જેવા વક્તાની વ્યાસપીઠ નો ચમત્કાર તો એવો પ્રભાવશાળી હોય છે કે શરૂઆતમાં ઘરના માણસો કથામાં જવાની ના પાડતા હોય છે તેજ સભ્યો હોંશે હોંશે કથામાં જવાની સગવડતા કરી આપે છે. અને સાનુકુળતાએ પોતે પણ તે કથાવાર્તાનો આસ્વાદ ગ્રહણ કરવા પહોંચી જાય છે. આ ભક્તિનો રંગ એકને લાગે, એકનો રંગ બીજાને લાગે અને બીજાનો રંગ ત્રીજાને લાગે એ ફેલાતો જાય છે. આમ કેસરિયા રંગમાં સૌ સહેજે સહેજે રંગાતા જાય છે. અને તેમનું સભ્ય વર્તુળ મોટું ને મોટું થતું જાય છે. ને તે સૌમાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિની અમી વૃધ્ધિની વૃધ્ધિ થતી જાય છે.

આજકાલ જાત જાતના અને ભાત ભાતના ભોગવિલાસ વૈભવનાં નૂતન સાધનો, વિચાર ધારાઓ આપણી ચો તરફ આંટા મારી રહ્યાં છે. અને આપણને તેના બાહુપાશમાં જકડી લેવા મરણિયા પ્રયાસો કરે છે. ત્યારે તેમાંથી છુટકારો જો મેળવવો હોય તો, ઘરમાં પણ ધર્મગ્રંથોનું વાંચન અને સત્પુરુષોના મુખે કથાવાર્તામાં કથાનું અમૃતપાન કર્યા વિના ચાલવાનું નથી. માટે સંતોના મુખથી કથાવાર્તા શ્રવણ કરી સમાગમ કરી લેવો. જીવમાત્રને તક્ષક નાગરૂપી કાળ કરડવા લપકારા મારી રહ્યો છે. તે કોઈને પણ છોડતો નથી. માટે  રાજા પરીક્ષિતની જેમ કાળનો ડર રાખીને કથામૃતનું પાન કરવું જોઈએ... અને મરણને સુધારી લેવું જોઈએ. જો ભગવાન સાથે સંબંધ રાખશું, ભગવાનમાં પ્રેમ રાખશું ભક્તોમાં સ્નેહ રાખશું, સંતોમાં સ્નેહ રાખશું તો મૃત્યુનો ભય ટળી જશે.

આમેય કહેવત છે કે ''ભય વગર પ્રીતિ થતી નથી.'' જેને મરણની ભીતિ છે તેને જ પ્રભુની પ્રીતિનો યોગ થાય છે. જેનું મન પ્રભુમાં લાગી જાય છે તેને જન્મ ધરીને કરવા જેવું ઉત્તમ કામ કરી લીધું છે. પણ આ બધું કોણ સમજાવે ? કોણ શિખવાડે ? અરે આપણા આ તમામ પ્રશ્નોના જવાબ કથાવાર્તામાંથી મળી રહે છે. એકવાર કથાવાર્તામાં જવાની ટેવ પાડીશું તો ભક્તિરસ રાખીશું તો જન્મ સુફળ થઈ જશે. જેવી રીતે ગોળ ખાધા પછી જ ખબર પડે કે ગોળ ગળ્યો હોય છે. શ્રીજી મહારાજે પણ કહ્યું છે કે જેનામાં કથા-વાર્તારૂપી ગુણ નથી તેનામાં રૂડા ગુણ આવતા નથી. શ્રીજી મહારાજના વખતમાં ત્રણ વક્તા હતા. ગૃહસ્થમાંથી પ્રાગજી પુરાણી, બ્રહ્મચારીમાંથી વાસુદેવાનંદ બ્રહ્મચારીને સાધુ સમાજમાંથી નિત્યાનંદ સ્વામી અને પ્રતિદિન પાંચ વખત કથાવાર્તા થતી. માટે કથાવાર્તાનું શ્રવણ અવશ્ય કરવું. કથાવાર્તાનું શ્રવણ એજ ભક્તિ રસનો અમૃતકુંભ છે.

તન-મન અને ધનની શુધ્ધિ કેવી રીતે કરવી તે કથામૃતનું અમૃત પાન કરનારને જ ખબર પડે છે. તીર્થ સ્થાનથી તન

શુદ્ધ થાય છે. ઈશ્વરનું સતત ચિંતવન કરવાથી મન શુધ્ધ થાય છે. દાન કરવાથી ધન શુદ્ધ થાય છે. આપણને અન્યના દોષ જોવાની ટેવ છે. પણ બીજાના દોષ જોવાને બદલે આપણા પોતાના દોષને જુઓ. માણસમાં જો કોઈ મોટામાં મોટો દોષ હોય તો તે પોતાને નિર્દોષ સમજે છે એ છે. સત્સંગ કર્યા વિના ''સ્વદોષ દર્શન'' શક્ય નથી નથી ને નથી જ. આપણે આજે દુઃખી છીએ તેનું કારણ કે આપણે ભગવાનથી દૂર છીએ. માણસ જ્યારે ઈશ્વરથી દૂર થાય છે ત્યારે જ તેની દશા અને દિશા બગડે છે. ભગવાનની નજીક કેમ જવું તે શિખવે છે કથામૃત. કથાવાર્તામાં ધન સંપત્તિ નહિ મળે, ધર્મ સંપત્તિ તો જરૂર મળશેજ. જ્યાં ધર્મ હશે ત્યાં ધન પણ પાછળ જ આવે છે. થોડી રાહ જોવી પડે એ વાત સાચી. આજકાલ ઘરમાં અને બહાર બધે સંપત્તિ અને સંતતિના જ ડખા જોવા મળે છે. સન્મતિ આપીને કથાવાર્તા આ બધા ડખામાંથી માનવીને મુક્ત કરે છે. એ કાંઈ નાની સુની વાત તો નથી જ. આતો અનુભવની વાત છે. ઘરમાં ભોગ વિલાસના સાધનોનું સંગ્રહ સ્થાન હશે પણ જો શાંતિ નહી હોય તો જીવન દોજખ જેવું લાગશે. ''શાંતિ'' બજારમાં વેચાતી મળતી નથી. શાંતિ મળે છે કથાવાર્તાના શ્રવણથી. માનવ જીવનની સુખ સમૃદ્ધિનું રહસ્ય ''શાંતિ'' માં છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતોને ગામડે ગામડે મોકલીને કથામૃતનું પાન કરાવીને મુમુક્ષુ જીવાત્માને મુક્ત બનાવ્યા હતા. અને નિર્વિષયી અને નિર્વાસાનિક બનાવીને એકાંતિક ભક્ત બનાવ્યા હતા. વાસનાથી અને પંચવિષયથી છુટવાનો સહેલામાં સહેલો રસ્તો કથા વાર્તાનું શ્રવણ કરવું. જેનાથી ભગવાનનું અનુસંધાન મન, કર્મ ને વચનથી સતત રહેશે ને બ્રહ્મરૂપ થઈને આત્યાંતિક કલ્યાણ થાય છે.

●

## ટોરડામાં મૂ.અ.મૂ. ગોપાળાનંદ સ્વામીની લીલા

- જાનકી નિકીકુમાર પટેલ (ગુલાબપુરા)

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં હજારો સંતો થઈ ગયા. આવા હજારો સંતો દ્વારા સ્વામિનારાયણ ભગવાને થોડા જ સમયમાં ગુજરાતની કાયા પલટ કરી.

આમાનાં એક મહાન સંત હતા યોગી વર્ય ગોપાળાનંદ સ્વામી ''જેમ જળ વિનાની કલ્પના જ ન કરી શકાય એમ ગોપાળાનંદ સ્વામી વિનાના સંપ્રદાયની કલ્પના જ ન કરી શકાય.''

તેઓ સ્વયં સ્વામિનારાયણ ભગવાનની સાથે જ પ્રગટ થયા હતા એ વાત નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તિ ચિંતામણી' માં વર્ણવે છે.

''યોગી પૂર્વ જન્મના, જેને વાલા સંગાથે વાલ,
પ્રભુ સંગાથે પ્રગટ્યા ખરા, ભક્ત નામ ખુશાલ.''

તેઓના જન્મ સમયે ટોરડામાં પ્રકાશનો મોટો પુંજ ફેલાયો હતો. જન્મથી જ પોતાના યોગ ઐશ્વર્યથી ટોરડા અને આસપાસના પંથકના લોકોમાં તેઓ જાણીતા બની ગયા હતા.

તેઓએ બચપણમાં અનેક ચમત્કારો કર્યા હતા. જેવા કે, ઘોડિયામાં તેમના શિર ઉપર સર્પનો ફેણ. તેમના ઘરમાં ભીલોની ઘરફોડ ચોરી અને ખુશાલ ભટ્ટે મુખમાંથી કાઢેલો પ્રકાશ, ટોરડામાં સૂર્યના રથનું ઉત્તરાણ અને કપિલા ગાયનું, તેમાં ઉડ્ડયન, ભગવાન શામળાજીની ખુશાલ જોડેની મૈત્રી અને ઘરેણાં વગેરે ભૂલી જવું, વરસાદ ન પડ્યો હોય તો વરસાદ પાડવો, મહારોગો મટાડવા, મૂર્ખ ગૌરી શંકરને પંડિત બનાવવા. મહુડાને મીઠા કરવો, વાઘના પંજામાંથી અને સર્પદંશમાંથી લોકોનો બચાવ કરવો વગેરે. આવા તો એટલા ચમત્કારો કર્યા છે કે લખવા બેસીએ તો પુસ્તક ખૂટે ! આ ચમત્કારો સ્વામિનારાયણ ભગવાન અને ગોપાળાનંદ સ્વામી પ્રત્યક્ષ હોવાના પરચા છે. ગોપાળાનંદ સ્વામીને અંતર્ધાન થયે આજે ૧૫૦ વર્ષ થયા, છતાં તેઓ સંપ્રદાયમાં પ્રત્યક્ષ અને પ્રગટ છે.

તાજેતરમાં જ આપેલા પરચાની વાત કરીએ તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ટોરડા મંદિરના ૬૦ માં પાટોત્સવ તથા ગોપાળાનંદ સ્વામીની ૨૩૨ મી જન્મ જયંતી નિમિત્તે ભવ્યાતિભવ્ય શ્રીમદ્ ભાગવત પંચાહન પારાયણ તથા ૬૦ કુંડી મહાવિષ્ણુયાગનો પાંચ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં સમગ્ર ધર્મકુળ અને અમદાવાદ દેશ તથા વડતાલ દેશ એમ બંને ગાદીના સંતો-પાર્ષદો તથા સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા.

આ પ્રસંગના પહેલા દિવસે એટલી ગરમી હતી કે મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા આગેવાન હરિભક્તોને પંખાની તથા કુલરની વ્યવસ્થા કરવાની જરૂર જણાઈ. પરંતુ આવા ગામડામાં આવી વ્યવસ્થા તત્કાલ ઉભી થાય એવા કોઈ સંજોગો ન હતા. પરંતુ રાત્રે જ ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજની તથા ગોપાળાનંદ સ્વામીની દયા અને પરમકૃપાથી એટલો વરસાદ પડ્યો એટલો વરસાદ પડ્યો કે આજુબાજુના સમગ્ર વિસ્તારમાં શિયાળાની ગુલાબી ઠંડી જેવું વાતાવરણ થઈ ગયું હતું.

ગોપાળાનંદ સ્વામીની લીલાથી આટલો બધો વરસાદ પડવા છતાં સભા મંડપને રસોડાને, યજ્ઞશાળાને કે ટોરડા

ગામના સિમાડાને કોઈ નુકશાન થયું ન હતું. જ્યારે આજુબાજુના ગામડાઓમાં જાણવા મળ્યું કે ત્યાં તો ઝાડ તથા લગ્નના મંડપ તથા નાના ઘરોને ખૂબ નુકશાન થયું હતું. ગોપાળાનંદ સ્વામીના ચમત્કારથી જે લોકો બરાબર ચાલી પણ ન હતા શકતા તેઓ ખડે પગે મંદિરના મહંત સ્વામીની સાથે સેવામાં જોડાઈ ગયા હતા.

આવી કૃપા વરસાવી શ્રીજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીએ ! સમગ્ર પ્રસંગ ખુશનુમાં વાતાવરણમાં ગોપાળાનંદ સ્વામીની લીલા અને દયાથી ખૂબજ ભવ્ય રીતે ઉજવાયો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તેમના આશીર્વચનમાં જણાવ્યું કે ગોપાળાનંદ સ્વામીના પરચાની સાથે સાથે ગોપાળાનંદ સ્વામીની સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની નિષ્ઠાને પણ આપણે સૌએ યાદ રાખવી જોઈએ. ગોપાળાનંદ સ્વામી એટલા પ્રતાપી અને ઐશ્વર્ય વાળા હતા કે તેઓ ધારે તો સમગ્ર પૃથ્વીને જેમ રોટલાને ચૂલા પર ફેરવાય એમ ફેરવી નાખવાની સામર્થી ધરાવતા હતા. છતાં પણ તેમણે હરહંમેશ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞામાં રહીને જ સત્સંગનું પોષણ કર્યું હતું. પૂજ્ય મહારાજશ્રીએ વધુમાં એમ ઉમેર્યું હતું કે - લોઢાના ચણા ચાવવા સહેલા છે પણ નિર્માની થઈને રહેવું ખૂબ જ અઘરૂ છે. તેમણે જણાવ્યું હતું કે આપણને આ સંપ્રદાય કે નરનારાયણદેવ મળ્યા ન હોત તો આપણા ભાગ્યમાં સુખ અને સમૃદ્ધિ ન હોત!

જેમ ગુરુ વિના જ્ઞાન અધુરુ છે તેમ જો આપણને આ સંપ્રદાય, ધર્મકુળ તથા નિષ્ઠાવાન સંતો ન મળ્યા હોત તો આપણે ભગવાન સ્વામિનારાયણ અને નરનારાયણદેવને ઓળખી શક્યા ન હોત!

## સંપ્રદાયનું ગૌરવ

આપણા પ.ભ. શ્રી રતિભાઈ ખીમજીભાઈ પટેલ (મેડાવાળા ટ્રસ્ટીશ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર)ના સુપુત્ર પ.ભ. શ્રી કેતનભાઈ પટેલને ગાઈડેડ દ્વારા તા. ૧૭-૩-૨૦૧૩ના રોજ યોજાયેલ રિયલ એસ્ટેટ એવોર્ડ સમારંભમાં શ્રેષ્ઠ એપાર્ટમેન્ટ બંગ્લોઝ, કોર્મશિયલ કોમ્પલેક્ષ અને તેના મેન્ટેન્સ જેવા વિવિધ કેટેગરીના એવોર્ડ એનાયત થયા હતા. જેની શ્રેષ્ઠ કામગીરી ડી.એન. બી. કંપની દ્વારા નક્કી થયેલ. જેમાં એલીગન્સ ગ્રુપ દ્વારા પ્રોજેકટેડ સ્કીમ ''અર્થએરીટા'' ને સ્વતંત્ર બંગ્લોઝના પ્રોજેકટની કેટેગરીમાં ૨૦૧૩ ના વર્ષના શ્રેષ્ઠ પ્રોજેકટ એવોર્ડ એનાયત થયો હતો. તેમની આવી સુંદર પ્રગતિ જાણીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી ખૂબજ રાજી થઈને તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

●

**વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રીસ્વામિનારાયણ અંકના કાયમી સભ્યો બનાવવાની ઝુંબેશ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વિસનગરના યુવકો દ્વારા શ્રી સ્વામિનારાયણ અંકના કાયમી સભ્યો બનાવવાની ઝુંબેશ અવિરત ચાલું છે. ૨૦૦ સભ્યો હમણાં જ થયા છે. સાહિત્ય પ્રેમી હરિભક્તોને સૌજન્ય સેવા માટે પણ પ્રેરણા લેવા જેવી છે. હરિભક્તોએ સંપર્ક કરવો. (વિસનગર યુવક મંડળ)

●

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રેરણાથી અત્રે જામસર (હાલાર મૂળી દેશ) પારાયણ પ્રસંગે ૪૦ જેટલા આજીવન સભ્યો થયા છે. જેમાં પ.ભ. અરવિંદભાઈ માવજીભાઈ ચૌહાણે (સુરત) સૌજન્ય સેવાનો લાભ લીધો હતો. (પ્રાગજીભાઈ ભગવાનજી)

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ કૃપાળુ શ્રી હરિ સુંદરજીભાઈ ની સેવાથી ખૂબ રાજી થઈ અને સુંદરજીભાઈને કહે છે ,''તમારા ઉપર બહુજ રાજી થયા છીયે તમારી ઈચ્છા હોય એ અમારી પાસેથી માંગો'' સુંદરજીભાઈએ મહારાજ પાસેથી શું માગ્યું ?

પ્ર. ૨ ગામ સાતપડાના ભગો ભગત મનમાં કયો સંકલ્પ લઈ ગઢપુર આવ્યા હતા ?

પ્ર. ૩ મેનપરના દેવજી ભગતનો દીકરો દેહ મેલી ગયો તેને ખરખરે સૌ લોકો આવવા માંડયા. ભગત વાડીએ જઈને બેઠા અને ઘરવાળાએ ઘીનો ઘડો ભરીને ગઢપુર મોકલ્યા. ગઢપુર આવીને લીંબડાની નીચે જઈ મહારાજ ને પગે લાગ્યા ત્યારે મહારાજ બોલ્યા જે ભગત સુખી છે ? તેમના પત્નીએ શું જવાબ આપ્યો ?

પ્ર. ૪ સૌરાષ્ટ્રમાં પીઠવાજાળ નામનું ગામ છે ત્યાં એક ઉત્તમ કોટીના હરિભક્ત થઈ ગયા જેમનું નામ ખીમા ડોલરીયા હતું તેમને આશ્રિત બનાવી અને વર્તમાન ધરાવી કયા સંતે કંઠી પહેરાવી ?

પ્ર. ૫ ''ભગવાન અને ભગવાન ના સંત તેને વિષે દોષબુધ્ધિ ન આવે તેનો શો ઉપાય છે ?''ક્યા વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

પ્ર. ૬ ''ઉર ઉપજ્યો પ્રેમ અપાર, થયો નવ લક્ષ મળવા તૈયાર સૌના દેખી પ્રેમ અનુપ, ધર્યા હરિએ ત્યાં નવલાખરૂપ'' નવલખા પર્વતમાં નવલાખ સ્વરૂપે કઈ સાલમાં નિલકંઠવર્ણી મળ્યા હતા ?

પ્ર. ૭ ''સત્સંગી આપો સૌ નામનું ,નામનું નામનું નામનું રે... સત્સંગી આપો સૌ નામનું ,ભાતું એ અક્ષરધામનું રે....'' આ સુંદર કીર્તન ના રચયિતા કોણ છે ?

## મે-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** દધિચી નામના ઋષિનું **(૨)** ''લાકડાની પાટ ઉપર બેઠા હોય, ઉત્તરાદે મુખારવિંદ હોય,કાળો કામળો પાથર્યો હોય,પુસ્તકના પાના હાથમાં હોય'' **(૩)** દેશકુંડ નામના નરકમાં **(૪)** ''તમે જાઓ પણ તમારી વિદ્વતાને બગાડવા જઈ રહ્યા છો. આ અમદાવાદમાં શાસ્ત્રાર્થ ની અંદર સ્વામિનારાયણ સંપ્રદાય સામે દ્વેષ ભરેલો છે પણ વાંધો નહીં જાઓ પણ નિત્યાનંદ પણ ત્યાં જવાના છે એ તમો તો શું ? પણ વિશ્વના વિદ્વાનો થી પણ જીતાય એવા નથી. સારૂં જાઓ પણ હારીને આવશો તો રાજ્યના વર્ષાસનો બંધ થશે.'' **(૫)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી **(૬)** ઉત્કંઠેશ્વર મહાદેવ **(૭)** તપ્તશુલ તથા ગાત્રમુલક નરકમાં ત્યાર બાદ ત્રણ જન્મ ગધેડો ત્યાર બાદ ત્રણ જન્મ શિયાળ ત્યાર બાદ ત્રણ જન્મ બગલો

૧. પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (અમદાવાદ)
૨. પટેલ વિષ્ણુભાઈ શીવાભાઈ (સીતાપુર)
૩. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૪. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૫. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૬. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૭. પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૮. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૯. પટેલ નીશા અમિત (રાણીપ)
૧૦. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૧. પટેલ શારદાબેન કાન્તિભાઈ (નાંદોલ)
૧૨. સાં.યો. કોકીલાબા ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૩. ગાંધી જ્યોત્સનાબેન (સુરેન્દ્રનગર)
૧૪. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૫. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૬. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૧૭. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી કલોલ)
૧૮. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૧૯. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૨૦. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૨૧. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા-ડાભી)
૨૨. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૩. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૪. પટેલ કિશન (એપ્રોચ-બાપુનગર)
૨૫. ટીંબડીયા ચિંતન આર. (એપ્રોચ-બાપુનગર)
૨૬. રામાણી ચેતન (હીરાવાડી-બાપુનગર)
૨૭. ઓચ્છવ મંડળ (શ્રી સ્વા.મં. એપ્રોચ-બાપુનગર)
૨૮. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨૯. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૩૦. સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૩૧. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૨. પંચાલ વંદના (કાલુપુર મંદિર)
૩૩. સાં.યો. રંજનબેન તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર)
૩૪. ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૩૫. પટેલ દીપિકા કિરણકુમાર (નારણપુરા)
૩૬. સાં.યો. શીતલબા, શિલ્પાબા (સ્વા.મંદિક કાલુપુર, હવેલી)
૩૭. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૮. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૯. સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વા.મંદિક કાલુપુર, હવેલી)
૪૦. ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા(
૪૧. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૪૨. પટેલ ભાવનાબેન એન. પટેલ સરોજબેન આર. (મુબારકપુરા)
૪૩. કંચનબેન બાબુભાઈ (રતનપર)
૪૪. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૪૫. શ્રી નરનારાયણદેવ યુક મંડળ (પંચવટી, કલોલ)
૪૬. પટેલ વિમળાબેન ઘનશ્યામભાઈ (કલોલ)

# સત્સંગ સમાચાર

**ચૈત્ર સુદ-૯ રામ નવમી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ અમદાવાદ મંદિરમાં ઉજવાયો**

ઈષ્ટદેવ પરમ કૃપાળુ પરમાત્મા સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આ પૃથ્વી પર પ્રાકટ્ય થયું તેને ચૈત્ર સુદ-૯ તા. ૨૦-૪-૧૩ ૨૩૨ વર્ષ પૂર્ણ થયા. મહારાજનું પાંદડે પાંદડે શ્રી સ્વામિનારાયણ નામ લેશે તેનું પણ કલ્યાણ થશે. જે આટલા ટૂંકા સમયમાં આપણે જોઈએ છીએ. આજે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી સમૈયાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાતઃ ૬-૩૦ કલાકે અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ હોવાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગના દર્શન હજારો હરિભક્તોએ કરીને ધન્યતા અનુભવી હતી. પૂજારી સ્વામી પરમેશ્વરદાસજીની પ્રેરણાથી પાટોત્સવના યજમાન પ.ભ. જસવંતભાઈ ઠક્કર અને ચિ. કેતનભાઈ ઠક્કર પરિવાર રહ્યાં હતાં. પ્રાસંગિક સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ. મહંત સ્વામીએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું અને યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની અન્નકૂટ આરતી અને શણગાર આરતી થઈ હતી. રાત્રે ૮-૩૦ કલાકે મંદિરના પ્રસાદીના ચોકમાં આપણા ગાયક કલાકારશ્રી જયેશભાઈ સોની દ્વારા સુંદર કીર્તન ભક્તિ રાસ થયા હતા.

રાત્રે ૧૦-૧૦ મિનિટે શ્રીહરિ પ્રાકટ્યોત્સવ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. હજારો હરિભક્તોએ પ્રાકટ્યોત્સવના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. સૌને પંજાજીરીનો અલૌકિક પ્રસાદ આપવામાં આવેલ. સમગ્ર પ્રસંગ દરમ્યાન કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. રાજુ સ્વામી, જે.પી. સ્વામી, યોગી સ્વામી, જે.કે. સ્વામી, ભક્તિ સ્વામી અને રામ સ્વામી આદિએ સુંદર આયોજન કર્યું હતું.

(શા. નારાયણમુનિ સ્વામી)

**પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૬૯ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ ગાદીના હ્રાલ (નિવૃત) આચાર્ય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૬૯ મો પ્રાકટ્યોત્સવ ચૈત્ર વદ-૩ ત્રીજ તા. ૨૮-૪-૨૦૧૩ ને રવિવારના પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની શુભ નિશ્રામાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૭-૪૫ કલાકે શ્રી નરનારાયણદેવની શણગાર આરતી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે સભામાં વિરાજમાન થયા હતા. વિદ્વાન વિપ્રો દ્વારા સ્વસ્તીવાચન પૂજન થયુ હતું. ત્યારબાદ પૂજનીય સંતો અને સ્કીમ કમિટીના સભ્યશ્રીઓ અને અગ્રગણ્ય હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી હતી. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ મંગલ ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ એક કલાક પર્યન્ત કીર્તન ભક્તિ બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામના સંતો મહંતોએ પુષ્પહાર કરી શુભેચ્છા પાઠવી હતી.

(શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**અમદાવાદ મંદિરમાં શ્રી હનુમાન જયંતી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને અ.નિ. હજુરી પાર્ષદ શંકર ભગતની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, હજુરી પાર્ષદ વનરાજ ભગતના માર્ગદર્શનથી શ્રી હનુમાનજી ગણપતી મહારાજના પૂજારી પાર્ષદ બાબુ ભગત અને પાર્ષદ મહાદેવ ભગત દ્વારા ચૈત્ર સુદ-૧૫ ના રોજ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી હનુમાનજી મહારાજના શુભ સાનિધ્યમાં શ્રી હનુમાન જયંતી મારૂતિ યજ્ઞમાં ઘણા યજમાનએ લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજ્ઞની આરતી ઉતારીને યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ શ્રી હનુમાનજી મહારાજનાઅન્નકૂટ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(પાર્ષદ બાબુ ભગત)

**સર્વોપરી તીર્થ છપૈયા ગૌઘાટમાં જીર્ણોધ્ધારની પ્રેરણારૂપ સેવા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન પ.ભ. નંદુભાઈ ખેમચંદભાઈ પટેલ (મોટપ-હાલ સુરત) તથા પ.ભ. ભગવાનજીભાઈ (અંબાળા-સુરત) પરમાર આદિ હરિભક્તોએ સર્વોપરીધામ છપૈયામાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના દિવ્ય ચરણોથી અંકિત પવિત્ર તીર્થ ગૌઘાટમાં જ્યાં પાતાળ ગોમતીજી પ્રગટ થયા છે. આવા પ્રસાદીના અલૌકિક સ્થળમાં પવિત્રતા સ્વચ્છતા જળવાય અને ગંદકી ન થાય તે માટે ગૌઘાટને ફરતા ૮૦૦ ફૂટ લંબાઈવાળા આર.સી.સી. બીમ કોલમ, ચણતર પ્લાસ્ટરની દિવાલ અને સુંદર મજબૂત લોખંડના દરવાજા, કલર કામ આદિ એક માસ સુધી છપૈયામાં રહીને આ આપણા હરિભક્તોએ જાતે દેખ રેખ રાખીને તન, મન અને ધન ત્રણે સેવાનું સમર્પણ કરીને છપૈયા મંદિર માટે ઉમદા સેવાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. પ.ભ. નંદુભાઈએ તેમની પુત્રીના લગ્નના ચાંદલાની રકમ તમામ ગૌઘાટની સેવા માટે સમર્પિત કરી છે. ધન્ય છે તેમની સેવાને. અગાઉ આપણા શ્રી સ્વામિનારાયણ

મ્યુઝિયમમાં પણ તેઓએ દીકરીના લગ્નનો ચાંદલો સર્મપિત કરી દીધો હતો. તેઓ સાથે અન્ય હરિભક્તોમાં શ્રીમતી કૃષ્ણાબેન નંદુભાઈ, કેતન, મિતલ, શાંતાબેન ભગવાનજી, ગુણવંતભાઈ, પ્રફુલભાઈ ભરતભાઈ, શિલ્પા દર્શિતકુમાર પટેલ, હેતલ પ્રશાંતકુમાર પટેલ, જોધાણી લક્ષ્મણભાઈ ભુરાભાઈ, વલ્લભભાઈ લક્ષ્મણભાઈ જોધાણી, રમેશભાઈ લક્ષ્મણભાઈ, દેવજીભાઈ મુળજીભાઇ અને જયંતીભાઈ હિરજીભાઈ આદિ હરિભક્તોની સેવા નિહાળીને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સૌ હરિભક્તો ઉપર ખૂબજ રાજી થયા છે. હજુ પણ આપણા છપૈયાના પ્રસાદીના સ્થળોનું જીર્ણોધ્ધારનું સેવાનું કામ ઉપરોક્ત હરિભક્તો જ કરવાના છે. છપૈયા મંદિરના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજી અને મુખત્યારશ્રીએ પણ હરિભક્તોની સેવાને બિરદાવી હતી. આવા પ્રસાદીના અલૌકિક સ્થાન કે જેમાં સર્વાવતારી શ્રીહરિનું પ્રાકટ્ય થયું છે. તેવા દિવ્ય સ્થળમાં જીર્ણોદ્ધાર સેવા કરવા. સૌ ભક્તોએ પ્રેરણા લેવા જેવી છે. (હજુરી પાર્ષદ કનુ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શહેર ચોર્યાસી મહોત્સવ અને પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. શા.સ્વા. હરિગોવિંદદાસજી, સ.ગુ. શા.સ્વા. માધવપ્રસાદદાસજી, સ.ગુ. શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી (કાંકરિયા મહંતશ્રી) મહંત શા.સ્વા. આનંદપ્રસાદદાસજી અને પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસજીની પ્રેરણાથી અને કાંકરિયા મણીનગરના હરિભક્તોના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં તા. ૧૬-૩-૨૦૧૩ના રોજ શહેર ચોર્યાસી મહોત્સવ અને ઠાકોરજીનો પાટોત્સવ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયા.

તા. ૧૬-૩-૧૩ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઠાકોરજીનો અને કષ્ટભંજન દેવનો ષોડશોપચાર મહાભિષેક, અન્નકૂટ આરતી કરીને સભામાં બિરાજમાન થયા હતા. સભામાં સંતો-ભૂદેવો અને ધર્મકુળ દર્શનથી હરિભક્તો ભાવ વિભોર બની ગયા હતા.

પ્રાસંગિક સભામાં ધામોધામથી પધારેલા સંતોની અમૃતવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ચોર્યાસીનો મહિમા અને કષ્ટભંજન દેવનો મહાપ્રતાપ જણાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. હજારો ભૂદેવોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જાપ સાથે સુંદર લાડુનો પ્રસાદ જમીને તૃપ્ત થયા હતા. શ્રીહરિએ પ્રર્વતાવેલ શહેર ચોર્યાસી આજે પણ જળવાઈ રહી છે.

આ પ્રસંગે ઠાકોરજીની સેવામાં પૂ. દેવ સ્વામી પૂજારી, સભા સંચાલન, શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી, રસોડામાં પા. નરોત્તમ ભગત, નીરૂભાઈ ઠાકર, શાંતિલાલ મહારાજ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને શ્રીહરિ મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. (ડૉ. હિરેન કાંકરિયા)

**પ્રસાદીભૂત લાલોડા (ઈડર દેશ) ધામે શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ**

મૂ.અ.મૂ.સ.ગુ. યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી તથા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય ચરણોથી અંકિત એવા લાલોડા ધામે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તા. ૧-૩-૧૩ થી તા. ૭-૩-૧૩ પર્યન્ત વયોવૃધ્ધ સંત (ઉ. ૧૦૦ વર્ષ) સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીના સંકલ્પથી શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા)ના વક્તાપદે સંગીતની મધુર સુરાવલી સાથે થઈ હતી. સાથે સાથે નવ શાસ્ત્રોના સહિંતાપાઠ પણ થયા હતા. તા. ૧-૩-૧૩ ના ગામમાં ભવ્ય પોથીયાત્રા બાદ પૂ. સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી, પૂ. સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) અને પૂ. સ.ગુ.સ્વા. જગતપ્રકાશદાસજી દ્વારા દીપ પ્રાગટ્ય પ્રારંભ થયો હતો. તા. ૩-૩-૧૩ ના રોજ સવારના સત્રમાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપ્યા હતા. તા. ૫-૩-૧૩ ના રોજ સવારે પ.પૂ.મોટા મહારાજશ્રી અને બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી એ પૂ. સ્વામી સાથેના જુના સંસ્મરણો યાદ કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૭-૩-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદ મંદિરના મહંત સ્વામી આદિ સંત મંડળ સાથે પધાર્યા હતા અને તેઓશ્રીના સાંનિધ્યમાં ૧૦૧ દિવસની અખંડ મહામંત્ર ધૂન, ૧૦૧ દિવસના જનમંગલ પાઠ અનુષ્ઠાન, મહાપદયાત્રા, (ઈડર ગામ) વ્યસન મુક્તિ અભિયાન, પૂ. સ્વામીશ્રીનું સન્માન, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, રાસોત્સવ, ફુલદોલોત્સવ, ભવ્ય આતશબાજી, મહાપૂજા થઈ હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા સંતો હરિભક્તો સાથે ગામમાં નીકળી હતી. આ ઉપરાંત ૧૦૧ દીપમાળા, સાંસ્કૃતિક કાર્યક્રમ, યજમાનોનું સન્માન, સર્વ રોગ નિદાન કેમ્પ, રક્તદાન શિબિર, શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાકટ્યોત્સવ આદિ આયોજન સુંદર રીતે થયા હતા. આ પ્રસંગમાં ધામો ધામના ૨૫૦ જેટલા ધર્મકુળ પ્રેમી સંતો પધાર્યા હતા.

પારાયણ પ્રસંગ દરમ્યાન સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી, શા.સ્વા. વિવેકસાગરદાસજી, મુકુન્દ સ્વામી, બળદેવ સ્વામી, સુખનંદન સ્વામી, નાના ધર્મસ્વરૂપ સ્વામી, નરેન્દ્ર ભગત, માધવ

સ્વામી (બન્ને) વિષ્ણુ સ્વામી અને નિલકંઠ સ્વામી આદિ સંત મંડળ અને ગામના અને આજુબાજુના ગામના તમામ હરિભક્તોની સેવા અજોડ હતી. સભા સંચાલન શા. એચ.પી. સ્વામીએ કર્યું હતું. સમગ્ર પારાયણનું સંચાલન પૂ. સ્વામીના શિષ્ય સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી અને પૂજારી સ્વામી બાળકૃષ્ણદાસજીએ શોભાવ્યું હતું. (ભૂમિત પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) ૩૪ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સંતોની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર)નો ૩૪ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા. ૨૧-૩-૧૩ ના રોજ અત્રે પધાર્યા ત્યારે સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. સભામાં મુખ્ય યજમાન અ.નિ. સાંકળચંદ નારાયણદાસ (વિહાર)ના સુપુત્રો મુકેશભાઈ, શૈલેષભાઈ અને અન્ય પધારેલા સૌ હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ધામોધામના સંતો અને કલોલના મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા.

સભા સંચાલન સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)એ કર્યું હતું. પ.ભ. લક્ષ્મણભાઈ પટેલે (મે. ટ્રસ્ટી) મંદિર જીર્ણોદ્ધાર અંગેની માહિતી જણાવી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (પટેલ દશરથભાઈ ટ્રસ્ટી)

**ન્યુ રાણીપમાં આપણું મંદિર થાય તેવા સંકલ્પ સાથે શ્રીનરનારાયણદેવની પદયાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ન્યુ રાણીપ વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર બનાવવા માટે જમીન સંપાદનનું કામ ઘણા સમયથી ચાલતું હતું. કાંઈક ટેકનિકલ ક્ષતિ કે કાંઈક મહારાજ પણ કસોટી કરતા હોય જેથી મંદિરના કામમાં વિલંબ થાતો હતો. આથી સંતો અને સર્વે હરિભક્તોએ નક્કી કર્યું કે જો મંદિરનું કામ સરળતાથી થઈ જાય તો આપણે સૌ સંતો સાથે (નારાયણ ઘાટ મંદિરના સંતો) મંદિરની જગ્યાએથી શ્રી નરનારાયણદેવના દર્શને પગપાળા યાત્રા કરવી. સંકલ્પ કરતાની સાથે ટુંકા જ સમયમાં જમીન સંપાદન વગેરે કામ નિર્વિઘ્ને પૂર્ણ થયું. શ્રી નરનારાયણદેવે પરચો પૂર્યો. અને તા. ૧૪-૪-૧૩ ને રવિવારના સવારે ૫-૧૫ કલાકે ન્યુ રાણીપ, રાણીપ, નારાયણઘાટ મંદિર અને ત્યાંથી શ્રી નરનારાયણદેવ મંદિર કાલુપુર દર્શન કરી પદયાત્રા પૂર્ણ કરી હતી. અમદાવાદ મંદિરના સભા મંડપમાં ૧ કલાક અખંડ મંત્રજાપ ધૂન સૌએ સાથે મળી કરી હતી.

પદયાત્રામાં નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ.શા.પી.પી. સ્વામી આદિ સંત મંડળ જોડાયા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ન્યુ રાણીપ)

**મહેસાણા ગામે ઉજવાયો ભક્ત કશળીબાઈ ના ઘરે ચરણાર્વિંદ નો ચતૂર્થ સ્થાપના દિન**

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી ની પ્રેરણા થી તેમજ મહેસાણા મંદિર ના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી ના આયોજન દ્વારા પરમભક્તરાજ કશળીબાઈ ના ઘરે એકાદશીની સવારે શ્રીજી મહારાજે પધારી રાજી થઈ ને પથ્થર ઉપર ચરણાર્વિંદ આપ્યા હતા તેને કશળીબાએ ઘરની દીવાલો માં સાચવી રાખ્યા હતા તે જ ચરણાર્વિંદ ચાર વર્ષ પૂર્વે ઘરની દિવાલો માંથી અગીયારસના સવારે પ્રાપ્ત થતા તેનો ચતૂર્થ સ્થાપના દિન તા. ૨૩/૩/૧૩ ફાગણ સુદી એકાદશી ના રોજ પ. પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પ્રથમ પ.પૂ. મોટા મહારાજશ્રી નું સ્વાગત મહેસાણા ના ભક્તોએ કર્યું હતું. ત્યાર બાદ કશળીબા ના ઘરે ઠાકોરજી ના ચરણાર્વિંદ નું પૂજન, અભિષેક, આરતી, અન્નકૂટ વિવિધ કાર્યક્રમો પ.પૂ. મોટા મહારાજશ્રી ના વરદ્ હસ્તે સંપન્ન થયા હતા. ત્યાર બાદ સત્સંગ સભા સ્થળે પ.પૂ. મોટા મહારાજશ્રી સંતો સહિત પધાર્યા હતા. સમગ્ર સભા વતી પ્રથમ પૂજન સ.ગુ. શ્યામચરણદાસજી સ્વામી (જેતલપુરધામ) એ કર્યું હતું. ત્યાર બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન આરતી યજમાનો દ્વારા કરવામાં આવી હતી. સ.ગુ. નારાયણપ્રસાદ સ્વામી, સ.ગુ. ઉતમપ્રિયસ્વામી, અમદાવાદ થી વિશ્વવિહારીસ્વામી એ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જેતલપુરધામના શા. ભક્તિનંદનદાસજી એ કર્યું હતું. ત્યાર બાદ યજમાનશ્રી ના ઘરે પધરામણી કરી હતી. રાત્રે પરમભક્ત કશળીબાઈ ના ઘરે ભજન-કીર્તનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. (કોઠારીશ્રી)

**ભાત ગામે ઉજવાયો પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પુરુષોત્તમચરણદાસ સ્વામી ની પ્રેરણાથી ભાત માં દેવોનો પાટોત્સવ તા. ૧૯-૩-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ષોડશોપચારથી ઠાકરોજી ની મહાપૂજા દાસ સ્વામી એ કરાવી હતી. ત્યારબાદ સત્સંગ સભા માં જેતલપુરથી શા. ભક્તિનંદનસ્વામી એ કથાવાર્તા કરી હતી. આ પ્રસંગે સ.ગુ. શ્યામચરણદાસજી સ્વામી, ભક્તિવલ્લભદાસજી સ્વામી, ઉતમપ્રિયદાસજી સ્વામી પધાર્યા હતા. અન્નકૂટ આરતી કરી ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. પાટોત્સવના યજમાન પ. ભ. ગીરીશભાઈ નારણભાઈ પટેલ રહ્યાં હતા.

**નિર્માણાધિન સ્વામિનારાયણ મંદિર કલોલ-પંચવટીમાં સત્સંગ સભા**

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી નિર્માણાધિન શ્રીસ્વામિનારાયણ મંદિર કલોલ-પંચવટી માં અગીયારસ ના સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુર થી શા. ભક્તિનંદન સ્વામી એ કથા-વાર્તા કરી સત્સંગી ભક્તોને જ્ઞાન સાથે ગમ્મત ની વાતો કરી શ્રી નરનારાયણદેવ તેમજ મંદિર ના મહિમા ની વાતો કરી રાજી કર્યા હતા. સાથે સ.ગુ. શ્યામચરણસ્વામી તથા ઉતમપ્રિય સ્વામી પણ પધાર્યા હતા. (સ.ગુ. વિશ્વપ્રકાશદાસજી (કલોલ-પંચવટી મહંતશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કઠલાલ નો પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી પ્રસાદી ના ગામ કઠલાલ માં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, આદિ દેવોનો પાટોત્સવ તા. ૧૭-૩-૧૩ ના રવિવારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ષોડશોપચારથી ઠાકોરજી ની મહાપૂજા, અભિષેક સંતો અને યજમાનો દ્વારા થઈ હતી. સત્સંગ સભા માં જેતલપુરથી શા. ભક્તિનંદન સ્વામી, મકનસર થી શા. સ્વામી હરિપ્રકાશદાસજી એ કથાવાર્તા કરી હતી. આ પ્રસંગે સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી સ્વામી, ભક્તિવલ્લભદાસજી સ્વામી અને ઉતમપ્રિયદાસજી સ્વામી પધાર્યા હતા. અન્નકૂટ આરતી કરી ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. પાટોત્સવના યજમાનપદે પ. ભ. દિલીપભાઈ પટેલ રહ્યા હતા. (સ.ગુ. મહંત સ્વામી કે. પી. સ્વામી (જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

જેતલપુરધામ શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયાના ગામ કલોલી માં પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કલોલી માં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, આદિ દેવોનો પાટોત્સવ તા. ૩૦-૩-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ષોડશોપચારથી ઠાકરોજી ની મહાપૂજા, અભિષેક સંતો અને યજમાનો દ્વારા થઈ હતી. જેતલપુરથી શા. ભક્તિનંદન સ્વામી, મકનસર થી શા. સ્વામી હરિપ્રકાશદાસજી એ કથાવાર્તા કરી હતી. આ પ્રસંગે મહંત સ.ગુ. સ્વામી કે. પી. સ્વામી, સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી સ્વામી, ભક્તિવલ્લભદાસજી સ્વામી અને ઉતમપ્રિયદાસજી સ્વામી પધાર્યા હતા. અન્નકૂટ આરતી કરી ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. (કોઠારીશ્રી)

**જેતલપુરધામ નિવાસી શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજ નો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો પાટોત્સવ ફાગણ વદી-૮ ને તા. ૩/૪/૧૩ ના રોજ ધામધૂમથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે ઉજવાયો. તા. ૨/૪/૧૩ ના રોજ હોમાત્મક મહાવિષ્ણુયાગ નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩/૪/૧૩ ના રોજ વહેલી સવારે શરણાઈના સૂર સાથે કાર્યક્રમોની શરુઆત કરવામાં આવી હતી. જેમાં ઠાકોરજી ની મંગળાઆરતી, મહાપૂજા, ત્યારબાદ બળદેવજી મહારાજનો મહા અભિષેક, ઘનશ્યામ મહારાજનો અભિષેક વેદોક્તવિધિસર ઉજવવામાં આવ્યો હતો. ત્યાર બાદ શણગાર આરતી અને યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ. પૂ. અ. સૌ. ગાદીવાળા બાશ્રી પધાર્યા હતા. ત્યાર બાદ પ. પૂ. આચાર્ય મહારાજશ્રી સભા માં પધાર્યા ત્યારે પ્રથમ પૂજન સ.ગુ. શ્યામચરણ સ્વામી અને સ.ગુ. ભક્તિવલ્લભ સ્વામી એ કર્યું હતું. ત્યાર બાદ સમગ્ર પાટોત્સવના યજમાન એવા પ. ભ. શ્રી મણિભાઈ જીવરામદાસ પટેલ (ખાંડવાળા) દેલવાડા પરિવારે આરતી પૂજન કર્યું હતું. આ પ્રસંગે બ્ર. અવિનાશાનંદ અને બ્ર. વૈષ્ણવાનંદવર્ણિ રચિત ગ્રંથ ''શ્રીહરિલીલા સિંધુ'' (ભાગ-૨)નું વિમોચન પ. પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. સાથે ગ્રંથનું ભાષાંન્તર કરનાર મહેસાણા ના મહંત સ્વામી સ.ગુ. ઉત્તમપ્રિયદાસજી તથા ગ્રંથ ના યજમાન પ.ભ. પચાણભાઈ ખેતાભાઈ સાંખલા નેત્રાવાળા પરિવારને પ.પૂ. મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવ્યો હતો. સાથે સાથે ગામ ઈન્દ્રપુરા માં મંદિર નિર્માણમાં જમીન ભેટ કરી શ્રી નરનારાયણદેવ નો દસ્તાવેજ કરી પ. પૂ. આચાર્ય મહારાજશ્રી ને ચૌધરી ભક્તોએ અર્પણ કર્યો હતો. ધામોધામથી ૮૦ સંતો પધાર્યા હતા. જેમાં અમદાવાદ, મુળી, ભુજ ના સંતો સાથે સાથે સાં. યો. બહેનો પણ પધાર્યા હતા. સંતોના પ્રવચોનો બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ રૂડા આશીર્વાદ સાથે બળદેવજી મહારાજ ના પરચા તથા પૂનમ નો મહિમા વર્ણવ્યો હતો. સમગ્ર આયોજન સુંદર કરવા બદલ જેતલપુર સંતમંડળને પ.પૂ. મહારાજશ્રી એ હાર પહેરાવી અંતર નાઆશીર્વાદ પાઠવ્યા હતા. અંતે અન્નકૂટ આરતી કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો. જેતલપુર બળદેવજી ના ધામ માં આજે ક્યાંય પગ મુકવાની પણ જગ્યા નહતી તેટલા ભક્તો દર્શને પધાર્યા હતા. તમામ ભક્તોએ ખૂબજ શાંતિ થી વ્યવસ્થા ને અનુસરી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર આયોજન જેતલપુરધામના સંતમંડળે કર્યું હતું. સેવાભાવી ભક્તો ને પણ આ પ્રસંગે કેવી રીતે ભૂલી શકાય. જેમાં, જેતલપુર મંદિર નો સ્ટાફ, બાપુનગર, માંડલ, નાનાઉભડા, જેતલપુર ના યુવાનો, એન. એસ. આઈ. ટી. ના યુવાનો, બાપુનગર નું મહિલા મંડળ,

જેતલપુર નું રેવતી મંડળ તથા નામી અનામી તમામની સેવા ખૂબજ પ્રશંસનીય રહી હતી. બળદેવજી મહારાજ સૌના ઉપર ખૂબ રાજી રહે. (મહંત સ્વામી કે. પી. સ્વામી તથા સંત મંડળ(જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા નો સપ્તમ પાટોત્સવ**

જેતલપુરધામ શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની છત્રછાયાના ગામ કાશીન્દ્રામાં પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કાશીન્દ્રામાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, આદિ દેવોનો સપ્તમ વાર્ષિક પાટોત્સવ તા. ૪-૪-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી નું સ્વાગત ગામ ની ભાગોળેથી કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભાઈઓ ના મંદિરે અન્નકૂટ આરતી ઉતારી બહેનોના મંદિરે ઠાકોરજી ની ષોડશોપચારથી મહાપૂજાની આરતી, મહાઅભિષેક, અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. સત્સંગ સભા માં મોટા મહારાજશ્રી નું પૂજન યજમાન પરિવાર પ. ભ. અનિલભાઈ દશરથભાઈ પટેલે કર્યું હતું. જેતલપુરથી પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામી, જમીયતપુરા થી શા. ઘનશ્યામપ્રકાશસ્વામી, મકનસર થી શા. હરિપ્રકાશસ્વામી, ધોળકા થી શા. પૂર્ણપ્રકાશસ્વામી, જેતલપુર થી શ્યામચરણ સ્વામી, કે. પી. સ્વામી, ભક્તિવલ્લભ સ્વામી, ભક્તિનંદન સ્વામી, પધાર્યા હતા ને કથાવાર્તા કરી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી એ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે સભા પૂર્ણ કરી યજમાન પરિવારના ઘરે પધરામણી કરી થાળ જમ્યા હતા. મહેમાનો તથા ભક્તજનો એ પણ પ્રસાદ ગ્રહણ કરી જીવન ધન્ય બનાવ્યું હતું. (મહંત સ્વામી કે. પી. સ્વામી (જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોરનો ૧૭૨મો પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર નો ૧૭૨મો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૭/૪/૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે તા. ૬/૪/૧૩ ના રાત્રે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શા. સ્વામી ભક્તિનંદનદાસજી તથા શા. યજ્ઞપ્રકાશદાસજી એ કથાવાર્તા કરી હતી. તા. ૭/૪/૧૩ ના રોજ ષોડશોપચારો થી હરિકૃષ્ણમહારાજની મહાપૂજા કરવામાં આવી હતી. ત્યાર બાદ જેતલપુરધામ થી પધારેલ સ.ગુ. શા. સ્વામી પી. પી. સ્વામી, શા. ભક્તિનંદન સ્વામી જમીયતપુરાથી શા. ઘનશ્યામપ્રકાશ સ્વામી, કાંકરિયાથી યજ્ઞપ્રકાશસ્વામી દ્વારા ભગવાનનો વેદોક્તવિધિ થી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી કરવામાં આવી હતી. સભામાં સ.ગુ.શા. પી. પી. સ્વામી તથા શા. ઘનશ્યામપ્રકાશ સ્વામી એ કથા કરી હતી. સભા માં બહેનોનું નૂતન મંદિર તૈયાર કરવાની જાહેરાત સાથે મંદિર ના પ્લાન મુકવામાં આવ્યો હતા. આગામી ૧૭૫મો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. પાટોત્સવ ના યજમાનપદ નો લાભ શ્રીજી ગ્રુપે લીધો હતો. અંત માં સૌ ભક્તોએ પ્રસાદ લઈ ને જીવન ધન્ય બનાવ્યું હતું. ( શા . ભક્તિનંદન સ્વામી જેતલપુર, લાલભાઈ બાલાસિનોર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાનો પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. માધવ સ્વામી કોઠંબા ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબાનો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૮/૪/૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે હરિકૃષ્ણમહારાજની ષોડશોપચારથી મહાપૂજા કરવામાં આવી હતી. ત્યાર બાદ જેતલપુરધામ થી પધારેલ સ.ગુ. શા. સ્વામી પી. પી. સ્વામી દ્વારા ભગવાનનો વેદોક્તવિધિથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શા. ભક્તિનંદન સ્વામી, જમીયતપુરાથી શા. ઘનશ્યામપ્રકાશ સ્વામી, કાંકરિયાથી યજ્ઞપ્રકાશ સ્વામીએ સભામાં પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા. અંતમાં પૂજય પી. પી. સ્વામી એ કથા વાર્તા કરી ભક્તોને રાજી કરી દીધા હતા. શ્રીજી મહારાજના કૃપાપાત્ર અને મંદિર નિર્માણ માં જેમની ખૂબજ મહત્વની સેવા કાયમ માટે રહેતી તેવા, નરનારાયણદેવના નિષ્ઠાવાન શ્રીજી મહારાજ ના કૃપાપાત્ર પ. ભ. શ્રી વાસુદેવભાઈ જોશી એ સત્સંગમાંથી વિદાય લઈ ને શ્રીજી મહારાજ ના અક્ષરધામનું સુખ મેળવી રહ્યાં છે ત્યારે તેમને શ્રીજીમહારાજ નિજ સેવામાં રાખે તે નિમિત્તે તમામ ભક્તોએ પોતાની લાગણી મહામંત્ર ધૂન થી વ્યકત કરી હતી. અંતમાં સૌ ભક્તોએ પ્રસાદ લઈ ને જીવન ધન્ય બનાવ્યું હતું. (શા. ભક્તિનંદનસ્વામી જેતલપુર, કિશન કાછીયા કોઠંબા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા માં સત્સંગ સભા**

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયામાં તા. ૭-૪-૧૩ ના રવિવારે સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુર થી શા. ભક્તિનંદન સ્વામી તથા શા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા)એ કથા-વાર્તા કરી સત્સંગી ભક્તોને જ્ઞાન સાથે ગમ્મત ની વાતો કરી નરનારાયણદેવ તેમજ મંદિરના મહિમા ની વાતો કરી રાજી કર્યા હતા. (મહંત વી. પી. સ્વામી-જેતલપુર, ગોપાલભાઈ કાછીયા-રાબડીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા

જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવાનો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૨૪/૩/૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે હરિકૃષ્ણમહારાજની મહાપૂજા ષોડશોપચારથી કરવામાં આવી હતી. ત્યાર બાદ જેતલપુરધામ થી પધારેલ સ.ગુ. શા. સ્વામી પી. પી. સ્વામી, સ.ગુ. શ્યામચરણસ્વામી, સ.ગુ. સૂર્યપ્રકાશસ્વામી આદિ સંતો દ્વારા ભગવાનનો વેદોક્તવિધિ થી અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શા. ભક્તિનંદનસ્વામી, શા. વિશ્વસ્વરુપસ્વામી એ સભામાં પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા. અંતમાં પૂજય પી. પી. સ્વામી એ કથા વાર્તા કરી ભક્તોને રાજી કરી દીધા હતા. ઠાકોરજીની સમૂહ આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ મંદિર ની ધજા ચડાવવામાં આવી હતી. અંત માં સૌભક્તોએ પ્રસાદ લઈ ને જીવન ધન્ય બનાવ્યું હતું.

(ન. ના. દેવ યુવક મંડળ -બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ૧૦૧ મો પાટોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ નો ૧૦૧ મો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૨૧-૪-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ષોડશોપચારોથી હરિકૃષ્ણમહારાજની મહાપૂજા કરવામાં આવી હતી.ત્યાર બાદ જેતલપુરધામ થી પધારેલ સ.ગુ. શ્યામચરણસ્વામી, સ.ગુ. ઉતમપ્રિય સ્વામી, સ.ગુ. નારાયણપ્રસાદ સ્વામી (મહેસાણા) આદિ સંતો દ્વારા ભગવાનનો વેદોક્તવિધિ થી અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શા.ભક્તિનંદન સ્વામી એ પાટોત્સવની કથા કરી ભક્તોને રાજી કરી દીધા હતા.ભવ્ય અન્નકૂટ ઠાકોરજી ને ધરાવવામાં આવ્યો હતો. સમૂહ આરતી ઉતારવામાં આવી હતી. મંદિર ની ધજા ચડાવવામાં આવી હતી.પાટોત્સવના યજમાન પદે પ.ભ. વિશાલભાઈ જશુભાઈ મોહનભાઈ ઠક્કર (વિરમગામવાળા) રહ્યા હતા. અંતમાં સૌ ભક્તોએ પ્રસાદ લઈ ને જીવન ધન્ય બનાવ્યું હતું. આગામી ૫ પાટોત્સવ પણ નોંધાયા હતા. સમગ્ર આયોજન માંડલના ભક્તો અને કોઠારી મુકેશભાઈ એ કર્યું હતું.

(જીતુભાઈ પટેલ- માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડામાં શ્રી ગણપતીજી- હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી વાસુદેવચરણદાસજીની પ્રેરણાથી લુણાવાડા કડીયાવાડ મંદિરમાં શ્રી હનુમાનજી ગણપતિજીના નૂતન સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૦-૪-૧૩ થી તા. ૧૨-૪-૧૩ પર્યન્ત શ્રીમદ્ ભક્ત ચિંતામણી ગ્રંથની ત્રિદિનાત્મક કથા શા. ડી.કે. સ્વામીના વક્તાપદે થઈ હતી. તદુપરાંત શ્રીહરિયાગ, મારૂતિ યજ્ઞ, પાટોત્સવ-અભિષેક અને અન્નકૂટ આદિ કાર્યક્રમ થયા હતા. પ્રથમ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા રૂપે અલૌકિક દર્શન બાદ છપૈયાધામ સોસાયટી અને કડીયાવાડ જુના મંદિરમાં આરતી પૂજન કરી યજ્ઞનો પ્રારંભ કરાવી સભામાં સમગ્ર ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. તા. ૧૨-૪-૧૩ પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સમગ્ર ગામે ભવ્ય સ્વાગત સામૈયુ કરી વધાવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટ આરતી, યજ્ઞમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરીને શ્રી હનુમાનજી ગણપતીજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. અહીં ધાર્મિક પરીક્ષામાં ઉતિર્ણ થનાર નાના બાળકોને ઈનામ વિતરણ કરી આશીર્વાદ આપી રાજી થયા હતા. આ પ્રસંગે ધામો ધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા.સત્યપ્રકાશદાસે (મૂળી) કર્યું હતું.

(ઘનશ્યામ બાળ મંડળ લુણાવાડા)

**સમૌ ગામે દિવ્ય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વિસનગર અયોજીત દ્વિદશાબ્દી મહોત્સવ અંતર્ગત સમૌ ગામે હનુમાનપુરામાં તા. ૩૧-૩-૧૩ ના રોજ રવિવારે સુંદર સત્સંગ સભા વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવી હતી.

વિસનગરથી શ્રી ઉદયનભાઈ મહારાજા, ચિંતનભાઈ અને હિરાવાડી અમદાવાદ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સંચાલકશ્રી તથા જયંતીભાઈ ભગતે કથામૃત પાન કરાવ્યું હતું. સભામાં વિસનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમૌ ગામના હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો.

(ચૌધરી મણીભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વેડા ગોવિંદપુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી ભક્તવત્સદાસજી (લીંબડી)ની પ્રેરણાથી વેડા મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૭૧ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

તા. ૩૦-૩-૧૩ પાટોત્સવ દિને બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. શ્રીજી મહિલા મંડળના બહેનોએ પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

રામ નવમી શ્રીહરિ પ્રાગટ્યદિને ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન કરી હતી. શ્રીહરિ પ્રાગટ્યોત્સવ ઉલ્લાસભેર ઉજવ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(સાધુ વંદનપ્રકાશદાસ)

**ટાંકીયામાં ૨૯ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અત્રે સુંદર સત્સંગ ચાલે છે. બહેનોના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી આ ગામમાં સૌ પ્રથમ વખત પધાર્યા હતા. મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી હતી અને સમસ્ત બહેનોને ૨ કલાક સુધી સભામાં બિરાજી રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. તા. ૨૧-૨-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી

સંત મંડળ સાથે પધાર્યા હતા. અને ગામ ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગમાં યોગી સ્વામી, આનંદ સ્વામી, નંદકિશોર સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોઠારી મહેન્દ્રસિંહ અને ચૌહાણ ખુમાનસિંહ દ્વારા થયો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને યજમાન હરપાલસિંહ ચૌહાણ આદિ સત્સંગીઓને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. (વાસુદેવ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપનો વાર્ષિક પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપનો ૨૮ મો અને બહેનોના મંદિરનો ૨૪ મો પાટોત્સવ તા. ૨૨-૩-૧ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

તા. ૨૨-૩-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી બન્ને (ભાઈઓ-બહેનોના) મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારી હતી. પ્રાસંગિક સભામાં યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ બાપુદાસ પટેલ પરિવાર અને આગેવાન હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે સૌ ભક્તજનોએ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ.શા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. (ઋષિકેશ સ્વામી ઈસંડ)

**આજોલ ગામે (ક્રમશઃ) કથા પારાયણ અને શ્રીઘનશ્યામ જન્મોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી આજોલ ગામે દર ગુરુવાર ફરતી સભા ઘણા સમયથી ચાલુ છે. તે પૈકી શ્રીમદ્ સત્સંગિભૂષણ ક્રમશઃ કથામાં વક્તા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શ્રી હનુમાનજી મહારાજના પ્રાંગણમાં તા. ૨૧-૩-૧૩ના રોજ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન કથામાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ હરિભક્તો દ્વારા ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં ઉછવણીમાં શ્રી કમલેશભાઈએ યજમાન બની લાભ લીધો હતો. જન્મોત્સવનો આનંદ વધાવવા શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વરના વિદ્યાર્થીઓએ અલગ અલગ વેષભૂષામાં નૃત્ય રજુ કર્યું હતું. સાથે હિરાવાડી યુવક મંડળના યુવાનો પણ જોડાયા હતા. છેલ્લે સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. ચૈત્ર સુદ-૯ના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ પ્રસંગે શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા.સ્વા. નારાયણમુનિદાસજી અને ઋષિકેશ સ્વામીએ શ્રીહરિ મહિમાની કથા કરીને પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ઉ.ગુ. ટીમ-૫)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયાનો ૬ઠ્ઠો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયાનો ૬ઠ્ઠો પાટોત્સવ તા. ૨૧-૩-૨૦૧૩ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં વિધિવત રીતે ધામધૂમથી ઉજવાયો.

તા. ૨૧-૩-૨૦૧૩ના રોજ પ્રાતઃ ઠાકોરજીની પૂજા અને ષોડશોપચાર અભિષેકનો લાભ યજમાન પ.ભ. મનુભાઈ પટેલ (સેડલા) પરિવારે લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ બાદ સભાનો મંગલ પ્રારંભ થયો હતો. અને પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી થઈ હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. સ્વા. રઘુવીરચરણદાસજીએ પ્રસંગોચિત પ્રવચન કરેલ. અન્ય સંતોમાં સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) મહંત જગદીશ સ્વામી (ઈડર) આદિ સંતોએ મૌન આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ સાથે શ્રી નરનારાયણદેવ સાથે જોડાઈને મોક્ષ સાધવા મીઠી ટકોર કરી હતી. સમગ્ર આયોજનમાં ટ્રસ્ટી મંડળ અને સ્થાનિક હરિભક્તો જોડાયા હતા.

સમગ્ર સભાના સંચાલક સ.ગુ.શા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) રહ્યાં હતાં. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ઘાટલોડિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદમાં સમૂહ મહાપૂજા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી અને અત્રે મંદિરના પૂજારી બ્ર. સ્વામી સંતોષાનંદજીના માર્ગદર્શન મુજબ સાણંદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ તા. ૨૦-૪-૨૦૧૩ના રોજ હરિભક્તો દ્વારા સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયુ હતું. પ.ભ. બિપીનભાઈ (નડીયાદ)એ વિધિ કરાવી હતી. જેમાં ઘણા હરિભક્તો જોડાયા હતા. રાત્રે ૧૦-૧૦ શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ આરતી ધામધૂમથી થયા હતા.

(જે.ડી. ઠક્કર)

**હિંમતનગર શ્રી નરનારાયણ મહિલા મંડળ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ રૂડા આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા હિંમતનગર મંદિરના મહંત સ્વામી શા. હરિજીવનદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ દ્વારા ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સુંદર મહાપૂજા કરીને ગૌદાન કર્યું હતું. જેના યજમાન લાભુબેન અને તારાબેન રહ્યાં હતાં. આ પ્રસંગે સુંદર કથા વાર્તા સંતોએ કરી હતી. (સ્વેતાબેન મોદી)

**કોટેશ્વર ગુરુકુળ ખાતે હિરાવાડી બાળ મંડળ દ્વારા શિબિર**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હિરાવાડી બાળ મંડળ દ્વારા તા. ૧૪-૪-૧૩ ના રોજ એક દિવસીય બાળ શિબિર કોટેશ્વર ગુરુકુળ ખાતે રાખવામાં આવી હતી.

જેમાં પ્રથમ સત્સંગ પરીક્ષા, પ્રશ્નોતરી, ભગવાનના મહિમાની વાતો, શ્રી નરનારાયણદેવ અને ગાદી સ્થાનનો મહિમા સાથે રમત ગમ્મતનું પણ આયોજન કર્યું હતું. જેમાં શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને શા. માધવપ્રિયદાસજી (સિધ્ધપુર)એ બાળકોને સુંદર જ્ઞાન સાથે આનંદ કરાવ્યો હતો. બાળ મંડળના સંચાલકોએ સુંદર સેવા કરી હતી. (માધવ સ્વામી)

**હિરાવાડી (બાપુનગર)માં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ તા. ૨૦-૪-૨૦૧૩ના શુભ દિને હિરાવાડી ખાતે શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ઠાકોરજીની શોભાયાત્રા ધામધૂમથી કાઢવામાં આવી હતી. જેના યજમાન પટેલ નર્મદાબેન સોમાભાઈ અને સહ યજમાન પટેલ સંજયભાઈ હરગોવિંદદાસ રહ્યાં હતાં. સભામાં સ્વામી માધવપ્રિયદાસે સર્વોપરિ શ્રીહરિના પ્રાગટ્યની કથા કરી હતી. ડી.કે. સ્વામી અને હરિકૃષ્ણ સ્વામીએ એપ્રોચ મંદિરમાં કથાનો લાભ આપ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા કરી હતી. ૬૦૦ ઉપરાંત હરિભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા. (માધવ સ્વામી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીધામ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મૂળી મંદિરના મહંત સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી અને સંત મંડળની ઉપસ્થિતિમાં તા. ૧૧-૪-૧૩ ના રોજ મૂળી દેશના ૨૫૦ ગામોના કોઠારી અને આગેવાન હરિભક્તોની ગોષ્ઠિ સભા રાખવામાં આવી હતી. દરેક મૂળી દેશના હરિભક્તોના નામ સરનામા મોબાઈલ નંબર સાથેની યાદી તૈયાર કરવા તેમજ સત્સંગ પ્રવૃત્તિને ખૂજ વેગ મળે અને ગામો ગામ સંત-હરિભક્તોનો સતત સંપર્ક થાય તે માટેના દરેકના સૂચનો સાથે ચર્ચા થઈ હતી.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રતિનિધિ રૂપે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) પધાર્યા હતા. સભામાં ચરાડવાના મહંત સ્વામી ઉત્તમપ્રિયદાસજી, શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી, શ્રી પંકજભાઈ (સુ.નગર) અને મહેશભાઈ ભોજાણી (મોરબી) અને મહંત સ્વામી શ્યામસુંદરદાસજીએ જરૂરી સૂચનો હરિભક્તોને કર્યા હતા. સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**મૂળી મંદિર દ્વારા સત્સંગ પ્રવૃત્તિ સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી મૂળી મંદિરના ઉત્સાહી મહંત સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી સંત મંડળ સાથે મૂળી દેશના ગામોમાં દરરોજ જઈ દેવ-ઠાકોરજીનો મહિમા ગાદી સ્થાનનો મહિમા અને દેવ ધર્માદો વગેરે ઉપર સુંદર વિવેચન કથાવાર્તા કરી હરિભક્તોને સુખ આપે છે. સાથે સંતોમાં કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી, સ્વામી બાલસ્વરૂપદાસજી, સ્વા. હરિકૃષ્ણદાસજી, સ્વા. નારાયણપ્રિયદાસજી આદિ મૂળીના સંતો જોડાયા હતા. અને ગામડાના હરિભક્તોને રાજી કર્યા હતા.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**રામપરા ગામે કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે રામપરાગામે તા. ૨૦-૩-૧૩ થી તા. ૨૨-૩-૧૩ દરમ્યાન સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્ત ચિંતામણી ગ્રંથની ત્રિદિનાત્મક પારાયણનું આયોજન પ.ભ. કાનાભાઈ માનસંગભાઈ વઢેલના સંકલ્પથી તેમના સુપુત્રો પરસોતમભાઈ, મહાદેવભાઈ અને ધનશ્યામભાઈ આદિ પરિવારે કર્યું હતું. સ.ગુ. શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંતશ્રી) એ સુંદર ઢાળ રાગમાં કથાનું રસપાન કરાવીને સમગ્ર ગામને કથામાં રસતરબોળ કર્યા હતા. આ પ્રસંગે મૂળીથી સ.ગુ. સ્વામી બાળકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વા. લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, શા. જ્ઞાન સ્વામી, જે.પી. સ્વામી, અનુ સ્વામી, ચંદુ ભગત અને જેતલપુર થી પૂ. પી.પી. સ્વામીનું સંત મંડળ અને અમદાવાદથી સંતો પધાર્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજીએ કર્યું હતું. કથાની ફૂલશ્રુતિ ભક્તચિંતામણી ગ્રંથનું કથાનું રસનું સ્મરણ કરીને પાંચમાં દિવસે પ.ભ. કાનભા શ્રીહરિના ધામમાં સિધાવ્યા.

(મહાદેવભાઈ વઢેલ)

**લખતરમાં શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી) સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લખતર (ભાઈઓનું) ના પ્રથમ વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૧-૩-૧૩ થી તા. ૧૫-૩-૧૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) તથા સ.ગુ.શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજી (વાંકાનેર)ના વક્તાપદે સંગીત સાથે મધુર પાન કરાવ્યું હતું. પારાયણ દરમ્યાન શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. સાંજના સત્રમાં બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથાનું શ્રવણ કરી બહેનોને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧૫-૩-૧૩ પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. ગ્રામજનોએ ભવ્ય શોભાયાત્રા કાઢીને ધર્મવંશીનું અદ્ભુત સ્વાગત સામૈયુ કર્યું હતું. ત્યારબાદ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિની આરતી

બાદ સંતોમાં મહંત સ્વામી શ્યામસુંદરદાસજી, સ.ગુ.સ્વા. દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, સ.ગુ. સ્વા. ઉત્તમપ્રિયદાસજી અને સ.ગુ.સ્વા. ભક્તિહરિદાસજીના મનનીય પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર અને ગ્રામજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. કથાના યજમાન શ્રી ભાઈલાલભાઈ મહાદેવજીભાઈ દોશી પરિવાર રહ્યાં હતા અને પાટોત્સવના યજમાન શ્રી લાલજીભાઈ શામજીભાઈ પટેલ રહ્યાં હતાં. સમગ્ર પ્રસંગમાં સભાપતિ સ્વા. બાળકૃષ્ણદાસજી (બાલુ સ્વામી) રહ્યાં હતાં. જે.કે. સ્વામી અને પ્રવિણ ભગતે સુંદર સેવા કરી હતી. (કુંજ સ્વામી, અમદાવાદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિન ધામધૂમથી ઉજવ્યો હતો. નાના બાળકોએ ભગવાનના જન્મથી વનવિચરણ વિષે પ્રશ્નોતરી કરી હતી. હજુરી પાર્ષદ કનુ ભગતની પ્રેરણાથી પટેલ લવજી ભગતે સુંદર સેવા કરી હતી. (કોઠારી સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી અત્રે રતનપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને ધૂન-ભજન-કીર્તન અને રાત્રે ૧૦-૧૦ જન્મોત્સવ આરતી થઈ હતી. કે.પી. સ્વામી આદિ સંતોએ સુંદર વ્યવસ્થા કરી હતી. (કાળુ ભગત)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં ફુલદોલોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે ૩૦ માર્ચ શનિવારે સાંજના ૫ થી ૮ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ ઠાકોરજી સમક્ષ રંગે રમી ઉજવ્યો હતો.

આ પ્રસંગમાં વિહોકન, ચેરીહિલ અને કોલોનીયા મંદિરના સંતોએ શ્રી નરનારાયણદેવના જન્મનું વૃતાંત અને ફુલદોલનો મહિમા કહ્યો હતો. યુવાનોએ પ્રથમ ધૂન બાદ કીર્તન ભક્તિ કરી હતી. ઠાકોરજીને સુંદર ફુલોના વાઘાના દર્શન મહંત સ્વામી અને હરિભક્તો દ્વારા કરાવવામાં આવ્યા હતા. શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી (ચેરીહીલ) અને મહંત સ્વામી નરનારાયણદાસજી (કોલોનીયા) અને ઘનશ્યામ સ્વામી (વિહોકન) આદિ સંતોએ ઉત્સવનું પ્રયોજન-મહિમા માહાત્મ્ય સુંદર રીતે સમજાવ્યું હતું. સંસ્કૃતનો અભ્યાસ કરાવતા શ્રી બિપીનભાઈ શુકલનું મહંત સ્વામીએ શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી (વિહોકન)માં ફુલદોલોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન ખાતે ૩૧ માર્ચ રવિવારના સાંજના ૫ થી ૮ મહંત ઘનશ્યામ સ્વામી અને હરિભક્તોએ ભેગા મળી શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ ધામધૂમપૂર્વક ઉજવ્યો હતો. સ્વામીએ ઉત્સવ સમૈયાનું મહત્વ માહાત્મ્ય અને ધર્મકુળનો મહિમા સૌને સમજાવ્યો હતો. બાળકો અને યુવકોએ કીર્તન ભક્તિ કરીને આનંદ માણ્યો હતો. પ્રેસિ. શ્રી ભક્તિભાઈએ આગામી સત્સંગ પ્રવૃત્તિ વિષેની જાણકારી આપી હતી. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડમાં એન.એન.ડી.વાય. શિબિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડમાં ૩૦-૩૧ માર્ચના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ શિબિરનું સુંદર આયોજન થયું હતું. જેમાં ૩૦ થી ૩૫ સ્થાનિક યુવાનો અને યુવતીઓએ ભાગ લીધો હતો.

જેનો વિષય હતો ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ સાથે આપણા મંદિરમાં પ્રથમ વાર વડીલ હરિભક્તોની પણ શિબિર થઈ હતી. જેમાં ૧૦૦ જેટલા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. જેમાં શાસ્ત્રી સ્વામી વાસુદેવ ચરણદાસજીએ સત્સંગમાં આત્મીયતા અ; દેવ પ્રત્યેની નિષ્ઠા ઉપર વિવેચન કર્યું હતું. ઘણા નવા મુમુક્ષુઓએ મૂળ સંપ્રદાયનો સિધ્ધાંત, ગાદી સ્થાન અને તેનું માહાત્મ્ય મહિમાનું સારું એવું જ્ઞાન મળ્યું હતું. દરેક હરિભક્તોને સ્વામીએ બીજી શિબિર યોજવા પણ ખાસ સૂચન કર્યું હતું. ૩૧ માર્ચના શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવ આપણા મંદિરમાં વિરાજમાન શ્રી નરનારાયણદેવને પૂજારી સ્વામી શ્રીજીસ્વરૂપ સ્વામીએ ફુલના સુંદર શણગાર કરી દર્શન કરાવી ઉત્સવની ઉજવણી કરી હતી.

ફુલના હાર બનાવવાની સુંદર સેવા બહેનોએ કરી હતી. છેલ્લે સાંજે શિબિર તથા ફુલ દોલોત્સવ સમૈયાની પૂર્ણાહૂતિની આરતીના દર્શન કરી પ્રસાદ લઈ હરિભક્તોએ વિદાય લીધી હતી. (પ્રકાશભાઈ પટેલ કલિવલેન્ડ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વોશિંગ્ટન ડી.સી.**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં માર્ચ માસની ૧૬, ૨૨ અને ૩૦ એપ્રિલના સત્સંગ સભા થઈ હતી. ૩૧ એપ્રિલ રવિવારે મંદિરમાં યુવક મંડળની શિબિર થઈ હતી. ૩૦ એપ્રિલ શનિવારે શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે શ્રીનરનારાયણદેવનું પૂજન કરીને કીર્તન ભક્તિ કરી હતી. ૨૩ માર્ચ અને ૬ઠ્ઠી એપ્રિલ શનિવાર એકાદશી નિમિત્તે એકાદશીના પદો સમૂહમાં ગાયા હતા. (કનુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુવીસવીલ કંન્ટકી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી અત્રે લુવીસવીલ મંદિરમાં શ્રી રામનવમી એવમ્ શ્રીહરિ જયંતી ઉત્સવ સમૈયો ખૂબજ

ધામધૂમથી ઉજવાયો અને આશરે ૧૭૫ જેટલા હરિભક્તોએ ઉત્સવમાં ભાગ લીધો. બાળકોએ સાંસ્કૃતિક પ્રોગ્રામ ખૂબજ સુંદર રીતે રજૂ કર્યો હતો. હરિભક્તોએ ભેગા મળી ખૂબજ સારી સેવા કરી હતી અને બહેનોએ રસોડાની ખૂબજ સુંદર સેવા કરી હતી. મંદિરમાં દર શનિવારે સભાનું આયોજન થાય છે. અહીં સત્સંગનો વિકાશ થઈ રહ્યો છે. વિશેષમાં આપણા સગાસંબંધી સત્સંગીબંધુ જો લુવીસવીલની આજુબાજુ રહેતા હોય તો તેમને મંદિરની જાણ ન હોય તો કરશો. એવી હરિભક્તોને વિનંતી છે.

**Shree swaminarayan Temple**
**9948 Bunsenwy, Louisuille KY 40299**
**(630) 926-8515**

(હસમુખભાઈ પટેલ)

**પશ્ચિમ કેનેડામાં સૌ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ધર્મયાત્રા**

સૌ પ્રથમવાર કેનેડા દેશના પશ્ચિમી કિનારા નજીકમાં આલ્બર્ટા રાજ્યમાં અને મેનીટોબા રાજ્યમાં ધર્મ સત્સંગ વિચરણ યાત્રાના ભાગ રૂપે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશજ એવા આપણા સૌના લાડીલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૧૫ એપ્રિલ ૨૦૧૩ ના દિવસે સાંજના આઠ વાગે ભારતથી શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુરધામ) સાથે કલગરી એરપોર્ટ પધાર્યા.

સાદગી ભર્યો પોષાક અને અસાધારણ વ્યક્તિત્વ તથા દિવ્યતા ભર્યું પ્રતિભાશાળી વદન એવા આચાર્યશ્રીનું સ્વાગત થયું. બરફથી ઢંકાયેલ, ઠંડીથી થરથરતા આ શહેરના વાતાવરણમાં એમના આગમનથી હરિભક્તોમાં ગરમીની લહેર પ્રસરી ગઈ. સ્થાનિક તથા બહારથી પધારેલ હરિભક્તોની સાથે શ્રી જયેશભાઈના ત્યાં ઉતારે પધાર્યા. શ્રી હરિકૃષ્ણ મહારાજના સ્વરૂપની સ્થાપના કરી આરતી કરી હરિભક્તો સાથે સત્સંગની વાતો કરી.

બીજે દિવસે સવારે હરિભક્તોએ આચાર્યશ્રીની પોતાના ઘરોમાં પધરામણી કરાવી ઘરો પાવન કર્યા. સાંજે કોમ્યુનીટી હોલમાં ધર્મસભા ભરાઈ. ધર્મસભામાં પૂ. પી.પી. સ્વામી દ્વારા સત્સંગનું પ્રવચન થયું. માણકી અને જોબનપગીનું આખ્યાન કરી શ્રીજી મહારાજની ઓળખની વાતો કરી. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચન પાઠવ્યા. હરિભક્તોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી. ત્રીજા દિવસે સવારે ફરીથી પધરામણી શરૂ થઈ અને તેજ દિવસે રાત્રે કાર મુસાફરી દ્વારા એડમન્ટન શહેરમાં પધાર્યા. ન્યુયોર્ક, ન્યુજર્સી, તેમજ ટોરોન્ટોથી પધારેલ સર્વ હરિભક્તો સાથે નીકળી આલ્બર્ટા રાજ્યના રાજધાની એવા એડમન્ટન શહેર રાત્રે બાર વાગે પહોંચ્યા. પ.ભ. મુનેશભાઈના ત્યાં સ્વાગત થયું. ચોથા દિવસે સવારે પધરામણી કરી અને સાંજે હરેરામ-હરેકૃષ્ણ મંદિરમાં ધર્મસભા ભરાઈ. પૂ. પી.પી. સ્વામી દ્વારા ભાગવત ગીતાની તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયની વાતો થઈ. બાદમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પણ સચોટ દૃષ્ટાંત દ્વારા પ્રેરણા મળે તેવી વાતો કરી.

અંતમાં હરિભક્તોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી. સવારે પધરામણીઓ કરી સાંજે યજમાનશ્રીના ઘરે અન્નકૂટ ઉત્સવની આરતી કરી. સ્થાનિક હરિભક્તો દ્વારા ઘર સભા કરી. તા. ૨૦ એપ્રિલના સવારે ફલાઈટ દ્વારા વીનીપેગ જવા પધાર્યા. બપોરે બાર વાગે મેનીટોબા રાજ્યના મુખ્ય શહેર વીનીપેગ પહોંચ્યા. માઈનસ ટેમ્પ્રેચર ધરાવતી બરફની વર્ષા થતા શહેરમાં ઉમળકાભેર સ્વાગત થયું. પ.ભ. વિક્રમભાઈના ઘરે ઉતારે પહોંચ્યા. સાંજના સનાતન મંદિરમાં ધર્મસભા થઈ. તે પહેલા થોડી પધરામણી કરી અને હરિજયંતી સ્વામિનારાયણ જયંતી - રામનવમીનો દિવસ હતો. ઘણાજ હરિભક્તો પધાર્યા હતા. નજીકના મોટા શહેર રજાઈનાથી પણ સત્સંગી હરિભક્તો વીનીપેગ પ.પૂ. મહારાજશ્રીના દર્શન માટે આવ્યા હતા. ઢોલ નગારા દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત થયું. કથા વાર્તા તેમજ સત્સંગની બળપ્રેરક વાતો થઈ. શ્રી નરનારાયણદેવનો જયનાદ થયો. શ્રીહરિકૃષ્ણ મહારાજ પર જળ અભિષેક કરવામાં આવ્યો હતો અને આરતી કરવામાં આવી હતી. બાદમાં પ.પૂ. મહારાજશ્રીએ અંતરના આશીર્વાદ આપતા વચનો કહ્યા. ફરાળી પ્રસાદ જમી હરિભક્તોએ ધન્યતા અનુભવી. બીજે દિવસે પણ ઠંડા વાતાવરણમાં પધરામણીનો દોર ચાલુ થયો. શ્રીજી મહારાજની જેમ જ આપણા પ.પૂ. મહારાજશ્રી પણ સત્સંગ વધે એના માટે કેટલો દાખડો કરે છે !

અઠવાડિયાનો ધર્મપ્રવાસ પૂરો કરી તા. ૨૨ એપ્રિલ ૨૦૧૩ના દિવસે સવારે ૫-૩૦ વાગે ભારત જવા રવાના થયા.

પશ્ચિમ ઉત્તરીય કેનેડાના મુખ્ય શહેરો જેવા કે એડમન્ટન, કલગરી અને વીનીપેગમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની જ્યોત પ્રગટાવી શ્રી નરનારાયણદેવનો જય જયકાર કરી હરિભક્તોમાં ભગવાન સ્વામિનારાયણનો આશરો વધુ દૃઢ થાય એવા બીજ વાવ્યા.

વળી હરિભક્તોએ પણ પોતાના શહેરમાં જલ્દીથી મંદિર બને એવા સંકલ્પથી નિયમિત ઘરસભા કરી સત્સંગની પ્રવૃત્તિ વધારવાની સાથે સાથે વ્યસનોથી પર થઈ સાત્વિક જીવન જીવવાનો અભિગમ અપનાવી પ.પૂ. મહારાજશ્રીની યાત્રાને યથાર્થ કરવાનું નક્કી કર્યું. (નટુભાઈ પટેલ, ટોરોન્ટો)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની ન્યુજર્સી (છપૈયાધામ)**

શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપનીમાં નવનિર્માણ મંદિરનું કામ પુર જોશમાં ચાલું છે. અહીં દર પંદર દિવસે સત્સંગ સભા થાય છે. ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ દિને ઠાકોરજી સમક્ષ સુંદર અન્નકૂટ હરિભક્તો દ્વારા ધરાવવામાં આવેલ. શા.સ્વા. ધર્મકિશોરદાસજી અને સ્વામી નરનારાયણદાસજીએ સર્વોપરી ભગવાનનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું. શ્રી પ્રહલાદભાઈ, ઠાકોરભાઈ, ભીખાભાઈ અને ઘનશ્યામભાઈ આજની સભાના યજમાન રહ્યા હતાં. પ.પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સારો ચાલે છે.

(શ્રી પ્રહલાદભાઈ વી. પટેલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ફાગણ સુદ-૧ | વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ (મગજના લાડુ) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૧ | અર્જુન ભરતભાઈ ચૌધરી (મગજના લાડુ) (હ. નાના પી.પી. સ્વામી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૨ | વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ (દૂધપાક) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૨ | પાલનપુર પાટીયાના મંદિરનું ભક્તિ મંડળ હાલારી (દુધપાક પુરી) (હ. સાં.યો. મંજુબા, ભારતીબા) | સુરત |
| ફાગણ સુદ-૩ | વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ (બુંદીના લાડુ) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |
| ફાગણ સુદ-૩ | પ્રકાશભાઈ કાંતિભાઈ સવાણી (બુંદીના લાડુ) | સુરત |
| ફાગણ સુદ-૪ | રમણભાઈ લલ્લુભાઈ દરજી (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૪ | પંકજભાઈ કનૈયાલાલ લાલાણી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૫ | હરેશકુમાર રમણલાલ શાહ (વકીલ) (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૬ | એક હરિભક્ત (ચુરમાના લાડુ) (હ. રાજુ સ્વામી) | ચાંદખેડા |
| ફાગણ સુદ-૬ | ડાહ્યાભાઈ પ્રભુદાસ મકવાણા (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૬ | શા.સ્વા. હરિપ્રસાદદાસજી (બોટાદવાળા) (ઘારી) (હ. જે.પી. સ્વામી) | ગઢડા |
| ફાગણ સુદ-૬ | ચોકસી નવીનચંદ્ર મગનલાલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૬ | અ.નિ. કિરીટભાઈ નવિનચંદ્ર પંડ્યા (બાસુંદી પુરી) (હ. જીજ્ઞેશ તથા રાહુલ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૭ | પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ (બુંદીના લાડુ) | કરજીસણ |
| ફાગણ સુદ-૧૧ | પુરષોત્તમભાઈ મણીભાઈ પટેલ (કાજુ બદામ મૈસુબ) | મોખાસણ |
| ફાગણ સુદ-૧૨ | કિરીટભાઈ રમણભાઈ અમીન (ચુરમાના લાડુ) (હ. રમણભાઈ ભલાભાઈ) | દહેગામ |
| ફાગણ સુદ-૧૨ | દેવુ ભગત (જયસિયારામ) (ચુરમાના લાડુ) (હ. નટુ સ્વામી) | રાણા કંડોરાણા |
| ફાગણ સુદ-૧૩ | દેવુ ભગત (જયસિયારામ) (શીખંડ પુરી) (હ. નટુ સ્વામી) | રાણા કંડોરાણા |
| ફાગણ સુદ-૧૪ | દેવુ ભગત (જયસિયારામ) (મોહનથાળ) (હ. નટુ સ્વામી) | રાણા કંડોરાણા |
| ફાગણ સુદ-૧૪ | અ.નિ. કંકુબેન મનસુખભાઈ પટેલના મોક્ષાર્થે (મોહનથાળ) (હ. હરિપ્રસાદ સ્વામી) | ખેરવા |
| ફાગણ સુદ-૧૫ | પ્રશાંતભાઈ ચંદુભાઈ સોની (બુંદી-મોહનથાળ) (હ. સ્વાતિબેન) | લંડન |
| ફાગણ સુદ-૧૫ | સિધ્ધાર્થભાઈ ગીરીશભાઈ દોશી (બુંદી) | અમદાવાદ |
| ફાગણ વદ-૧ | જલ્પન રઘુવીરભાઈ (બુંદી) (હ. ભક્તિ સ્વામી, અમેરિકાવાળા) | અમદાવાદ |
| ફાગણ વદ-૨ | અ.નિ. સવિતાબેન બંસીલાલ પટેલ (શીખંડપુરી) (હ. ગોવિંદ સ્વામી મેતપુરવાળા) | |
| ફાગણ વદ-૩/૪ | રવિ પ્રદિપભાઈ પટેલ (મૈસુબ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| ફાગણ વદ-૩/૪ | ગણેશભાઈ ભગવાનભાઈ વિરડીયા (મોતૈયા લાડુ) | પરવાળા |
| ફાગણ વદ-૩/૪ | અવનિશ વાલજી વેકરીયા (મોતૈયા લાડુ) | બળદીયા |
| ફાગણ વદ-૫ | રમેશચંદ્ર વિરચંદ પારેખ (ચુરમાના લાડુ) (હ. પરમેશ્વર સ્વામી) | અમદાવાદ |
| ફાગણ વદ-૫ | પટેલ કેશવલાલ પ્રભુદાસ (ચુરમાના લાડુ) (હ. રાજુ સ્વામી) | ઝુંડાલ |
| ફાગણ વદ-૫ | શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ (ચુરમાના લાડુ) (હ. ભરતભાઈ ચોકસી, રજની સોની) | અમદાવાદ |
| ફાગણ વદ-૬ | અ.નિ. રંજનબેન મણીભાઈ પટેલ (મોતૈયા લાડુ) (હ. મણીભાઈ) | બાયડ |
| ફાગણ વદ-૬ | લાલજી શિયાણી તથા લાલજી ગોરસીયા (ચુરમાના લાડુ) | માનકુવા |
| ફાગણ વદ-૮ | અ.નિ. અરવિંદભાઈ કાનજી વિરાણી (મગસના લાડુ) | મેઘપર-કચ્છ |
| ફાગણ વદ-૧૨ | છગનભાઈ પ્રભુદાસ વેગડા (મગસ) | માનપુર |
| ફાગણ વદ-૧૨ | વિહીત શૈલેષભાઈ પૂજારા (શીખંડ પુરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૨ | પ્રકાશભાઈ ભાઈલાલભાઈ ગજ્જર (મોહનથાળ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| ફાગણ વદ-૧૨ | કેતનભાઈ પરસોતમદાસ પટેલ (ચુરમાના લાડુ) (હ. જે.પી. સ્વામી) | કલોલ |
| ફાગણ વદ-૧૩ | અ.નિ. શકરીબેન જયંતિલાલ મીસ્ત્રી (મગસના લાડુ) (હ. રમેશભાઈ મીસ્ત્રી) | માણેકપુર |

### આપણા આગામી ઉત્સવ

**વૈશાખ સુદ-૧૫** તા. ૨૫-૫-૨૦૧૩ શનિવાર શ્રીસ્વામિનારાયણ મંદિર હરિદ્વાર પાટોત્સવ.

**વૈશાખ વદ-૧/૨** તા. ૨૬-૫-૨૦૧૩ રવિવાર શ્રીસ્વામિનારાયણ મંદિર પેથાપુર પાટોત્સવ.

**વૈશાખ વદ-૫** તા. ૨૯-૫-૨૦૧૩ બુધવાર શ્રીસ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ.

**જેઠ સુદ-૨** તા. ૧૦-૬-૨૦૧૩ સોમવાર શ્રીસ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ પાટોત્સવ.

**જેઠ સુદ-૫** તા. ૧૪-૬-૨૦૧૩ શુક્રવાર શ્રીસ્વામિનારાયણ મંદિર વાલી (રાજસ્થાન) પાટોત્સવ.

**જેઠ સુદ-૯** તા. ૧૮-૬-૨૦૧૩ મંગળવાર શ્રીસ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ.

**જેઠ સુદ-૧૧/૧૨** તા. ૨૦-૬-૨૦૧૩ ગુરુવાર સર્વોપરીધામ છપૈયા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે

૧૦૧/- અ.નિ. તેજસકુમાર કનુભાઈ ભાવસારના સ્મરણાર્થે સાણંદ

૧૦૧/- ચૌહાણ મગનભાઈ પરસોતમભાઈ નવસારી
ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે

૧૫૦/- જોશી વત્સલકુમાર નિતીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા

૧૦૧/- મારફતીયા મધુબેન પરસોતમદાસ જન્મદિને અમદાવાદ

૧૫૧/- પટેલ સોનલબેન પ્રકાશચંદ્ર જોબ મળી તે નિમિત્તે વિહાર

૧૦૧/- પટેલ યોગેન્દ્રભાઈ ગોવિંદભાઈ વડુવાળા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે

૧૦૦/- શાહ પલકબેન દિવ્યકાન્ત લગ્ન પ્રસંગે અમદાવાદ

૧૫૧/- પટેલ ધ્રુવ ઘનશ્યામભાઈ ગુલાબપુરા
અ.નિ. નાથીબાની ૧૦ મી પુણ્યતિથિ નિમિત્તે

૧૦૧/- પટેલ ભગવાનભાઈ વલુભાઈ કારખાનું કર્યું તે નિમિત્તે જેતપરવાળા

૫૦૧/- પટેલ વનિત ધર્મેશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે સાબરમતી

૨૦૧/- ભાવસાર દક્ષ કેતન દશરથલાલ જન્મદિન પ્રસંગે લંડન

૧૦૧/- રાઠોડ જતીન ભગવાનજીભાઈ અમદાવાદ
નવું એકટીવા લીધું તે નિમિત્તે

૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા

૫૦૦/- શ્રીજી નોવેલ્ટી સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલી

૧૫૦/- પટેલ સાન્વીબેન પરાગભાઈ જન્મદિને અસલાલી

૧૦૧/- પટેલ ઘનશ્યામકુમાર મહેન્દ્રભાઈ જન્મદિને ગવાડા

૧૧૧/- પટેલ પાર્થ જીતેન્દ્રભાઈ ભટ્ટ વિહારવાળા
કેનેડા ખાતે અભ્યાસપૂર્ણ થયો તે નિમિત્તે

૧૦૦/- પટેલ અંકિત વિનોદચંદ્ર ધૂળાભાઈ કપડવંજ
લંડનમાં નવું મકાન લીધું તે નિમિત્તે

૧૦૧/- ભાવસાર નરેશકુમાર ડાહ્યાલાલ વિસનગર
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે

૧૦૦/- પટેલ નટવરભાઈ પરસોતમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કડી

૨૦૧/- અ.નિ. ચૌહાણ કાનજીભાઈ લક્ષ્મણભાઈના નવસારી
સ્મરણાર્થે તા. ૨૪-૩-૧૩

૧૦૧/- અ.નિ. પટેલ મંગળભાઈ જીવીદાસ પુણ્યતિથિ નિમિત્તે વિહાર

૧૦૧/- રાઠોડ નરોતમભાઈ જેરાજભાઈ ચિખલી
ચિ. મયુરીબેનના લગ્ન પ્રસંગે

૧૦૦/- અ.નિ. ચૌહાણ મનસુખભાઈ વેલજીભાઈના સ્મરણાર્થે જામસર

૧૦૧/- પટેલ વિજયભાઈ રમણભાઈ ધમાસણા
ચિ. ડિમ્પીને એડમીશન નિમિત્તે

૧૫૦/- પટેલ રઈજીભાઈ નાથાભાઈ ડાંગરનું કટીંગ મશીન નિમિત્તે કોઠંબા

૧૦૧/- સાપરીયા હરિલાલ માવજીભાઈ ધૂળકોટ
પૌત્ર જૈમીન અને જલ્પાના જન્મ નિમિત્તે

૧૦૧/- ગોહીલ ત્રિભોવનભાઈ કાનજીભાઈ ફુલદોલોત્સવ નિમિત્તે મુંબઈ

૧૦૦/- વાઘેલા વિનુભા હિમતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા

૧૦૧/- વાઘેલા રામબાબા કેશરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

૧૦૧/- વાઘેલા રતનબેન જામભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

૧૦૧/- વાઘેલા દેવુબા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

૧૧૧/- પટેલ મનહરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૨૦૦/- વરૂ બાબુલાલ ગંગદાસભાઈ ગાડી લીધી તે નિમિત્તે અમરેલી

૧૦૦/- મનાણી સંજયભાઈ જયંતીભાઈ પુત્ર જન્મ પ્રસંગે અમરેલી

૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા

૧૦૧/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ

૨૦૧/- ચંદનાબેન અંકિતભાઈ લગ્ન પ્રસંગે વલસાડ

૧૦૦/- વેગડ રમણીકભાઈ નાનજીભાઈ ફુલદોલોત્સવ નિમિત્તે અમદાવાદ

૧૦૧/- પરમાર પ્રિતેશ કે. ચિ. સમર્થના જન્મદિને બારડોલી

૧૧૧/- મોરી રમેશભાઈ હરિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા

૧૦૧/- ટાંક સાહિલ હિરજીભાઈ જન્મદિને ધૂળકોટ

૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ

૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા

૧૦૦/- પટેલ અરવિંદભાઈ ગિરધરલાલ આનંદપુરા
શ્રીજી મહારાજના રાજીપાર્થે

૧૫૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ પાટોત્સવ નિમિત્તે સૂકાટીંબા

૧૦૧/- ચૌહાણ મનસુખ ધનજીભાઈ ચિ. પાર્થના જન્મ નિમિત્તે વલસાડ

૨૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામભાઈ ડાંગરવા
તેમના પિતાશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે

૨૦૧/- પટેલ સવિતાબેન જયંતીલાલ ડાંગરવા
નારણઘાટ મંદિર પારાયણ પ્રસંગે

૧૦૧/- ચૌહાણ વિજુબા લક્ષ્મણસિંહ શ્રીજી પ્રસન્નાર્થે વસઈ

૧૦૧/- પટેલ અલકાબેન જનકભાઈ ફુલદોલોત્સવ નિમિત્તે વસઈ

૧૦૧/- વાઘેલા કિરપાલસિંહ ગજેન્દ્રસિંહ ફુલદોલોત્સવ નિમિત્તે ગોધાવી

૧૦૦/- મોદી કેશવલાલ વિઠ્ઠલદાસ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ

૫૦૧/- પટેલ અંબાલાલ બાપુભાઈ દેસાઈભાઈ ઉનાવા
તા. ૧૬-૩-૧૩ જીવતચર્યા નિમિત્તે

૫૦૧/- પટેલ ડાહીબેન અંબાલાલભાઈ દેસાઈભાઈ ઉનાવા
તા. ૧૬-૩-૧૩ જીવતચર્યા નિમિત્તે

૧૧૧/- પટેલ હિર હિરેનભાઈ પ્રથમ જન્મદિને ઉનાવા

૧૦૧/- મીસ્ત્રી જીજ્ઞેશભાઈ સુરેશભાઈ ચિ. નૈતિકના પ્રથમ જન્મદિને ધોળકા

૧૦૧/- ઠક્કર ઉત્કર્ષ અનિલભાઈ જન્મદિન નિમિત્તે ચાંદલોડીયા

૧૦૦/- અ.નિ. પટેલ જયાબેન રજનીકાન્ત કનીપુર
૧૦ મી પુણ્ય તિથિ નિમિત્તે

૧૦૦/- પટેલ અજય મનુભાઈ જન્મદિને દહેગામ

૧૦૧/- પરમાર બળવંતસિંહ એસ. શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ

૧૦૦/- પટેલ યોગેશ સાંકળચંદભાઈ નવા કલાસીસ નિમિત્તે વિહાર

૧૦૦/- રાકેશકુમાર શંભુભાઈ મારૂસણા
ઓસ્ટ્રેલીયામાં મકાન લીધું તે નિમિત્તે

૨૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ પાટોત્સવ નિમિત્તે બાવળા

૧૦૦/- ચાવડા જગમાલભાઈ ભોજાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ

૧૧૦૦/- મેવાડા રમેશભાઈ રણછોડભાઈ બાપુનગર
ચિ. ભાણેજ અશ્વિનભાઈ ધીરૂભાઈ પરમારના સ્મરણાર્થે

૫૧૧/- મેવાડા રમેશભાઈ રણછોડભાઈ (કોન્ટ્રાકટર) બાપુનગર
શ્રીજી પ્રસન્નાર્થે

૧૦૧/- અ.નિ. પટેલ કેશવલાલ મગનલાલ અમદાવાદ
૨૫ મી પુણ્યતિથિ નિમિત્તે

૧૦૧/- પટેલ મંજુલાબેન કનુભાઈ કેશવલાલ અમદાવાદ
૩૦ મી લગ્ન તિથિ નિમિત્તે

૧૦૦/- મકવાણા નિરવભાઈ છગનભાઈ એકાદશી નિમિત્તે દરિયાપુર

૫૦૧/- લાઠીયા મધુભાઈ ગોરધનભાઈ અમદાવાદ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે

૧૦૧/- પટેલ આર. જે. ચિ. પૌત્રી આર્યાના જન્મદિને અમદાવાદ

૧૦૦/- મોદી અમિત કિરીટભાઈ ચિ. ધૈર્યના જન્મ દિને ગાંધીનગર

૨૦૦/- પટેલ દિપકભાઈ અને દક્ષાબેન ચિ. યક્ષના જન્મ નિમિત્તે સાબરમતી

૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા

૧૦૧/- ભાવસાર નરેશકુમાર ડાહ્યાલાલ પૌત્રી યશ્વીના જન્મદિને અમદાવાદ

૧૦૦/- મકવાણા પ્રકાશભાઈ પ્રવિણભાઈ ચિ. વેદાંતના જન્મ નિમિત્તે દહેગામ
૨૦૧/- પટેલ રાજેશભાઈ નટવરભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વિસતપુરા
૧૦૦/- સુહાગીયા દર્શન રાજેશકુમાર તેમના મમ્મીને ડ્રાઈવીંગ લાયસન્સ નિમિત્તે બ્રિસબન
૧૦૦/- સુહાગીયા રાજેશકુમાર વિનુભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે બ્રિસબન
૧૦૦/- સુહાગીયા તૃપ્તિબેન રાજેશકુમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે બ્રિસબન
૧૦૦/- પટેલ મીસ્ટીબેન રોશનભાઈ જન્મદિન પ્રસંગે તા. ૧૪-૪-૧૩ બાયડ
૫૦૦/- અ.નિ. પંચાલ રમેશભાઈ મણીલાલના સ્મરણાર્થે અમદાવાદ
૧૫૦/- પારેખ રમેશચંદ્ર વીરચંદ પેઢીના ૫૦ વર્ષ નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પટેલ રાજ મનોજભાઈ જન્મદિન નિમિત્તે સેટેલાઈટ
૧૫૧/- પટેલ જયેન્દ્ર ચિમનલાલ ૧૧ મી પુણ્યતિથિ નિમિત્તે દેત્રોજ
૧૦૧/- નિમીશ કન્સ્ટ્રકશન કંપની. વીજાપુરનુ નવું કામ મળ્યુ તે નિમિત્તે ઉંઝા
૧૦૧/- પટેલ ક્રિસીવ કુલદીપ રમેશભાઈ બાબરી નિમિત્તે ઉંઝા
૫૦૧/- પિંડોરીયા જેનિકા માવજી ૨૦ માં જન્મ દિન નિમિત્તે સુખપુર રોહા-લંડન
૨૫૧/- પિંડોરીયા અનીશ માવજી જન્મદિન ૧૨-૫ સુખપુર રોહા-લંડન
૨૫૧/- પિંડોરીયા તિલક માવજી શ્રીજી પ્રસન્નાર્થે સુખપુર રોહા-લંડન
૨૦૦/- પિંડોરીયા માવજી શિવજી અને પિંડોરિયા પ્રેમીલાબેન માવજી લગ્ન તિથિ નિમિત્તે લંડન
૧૦૦/- પટેલ નિમેશભાઈ ચિમનલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ-મલાડ
૧૦૦/- પટેલ પ્રિયલ ચેતનકુમાર પ્રભુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લાલોડા
૧૦૦/- પટેલ દર્શ નિમેશકુમાર પશાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લાલોડા
૨૫૦/- પટેલ રાકેશકુમાર ઈશ્વરભાઈ સગપણ પ્રસંગે લાલોડા
૨૦૧/- વાછાણી મનસુખભાઈ ભગુભાઈ આરતી અને નીતાના લગ્ન પ્રસંગે બગસરા
૧૦૦/- પટેલ રમેશચંદ્ર જીવરામભાઈ ભાર્ગવની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૦૧/- પટેલ રણછોડભાઈ ધુળજીભાઈ અ.નિ. પટેલ મંગુબેન રણછોડભાઈના સ્મરણાર્થે ખોડાઆંબા
૧૦૧/- પટેલ પ્રભુદાસ માવજીભાઈ દક્ષિણ ભારત યાત્રા નિમિત્તે મેમનગર
૩૫૧/- પટેલ દિપસિંહ કેયુરભાઈ જન્મતિથિ નિમિત્તે નવાગામ
૧૧૧/- પટેલ બળદેવભાઈ ત્રિભોવનદાસ નવી ગાડી લાવ્યા નિમિત્તે મારૂસણાવાળા
૨૫૦/- પટેલ કરસનભાઈ હરગોવનદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ડાંગરવા
૨૫૦/- પટેલ લીલાબેન કરસનભાઈ અમેરિકા સ્ટોર્સ લીધો તે નિમિત્તે ડાંગરવા
૨૫૦/- પટેલ મનોજભાઈ કરસનભાઈ પુત્ર જન્મ નિમિત્તે ડાંગરવા
૧૦૧/- વધણ ગોપીકા રાજેશભાઈ જન્મદિને ડાંગરવા
૧૫૧/- પટેલ ગૌતમભાઈ મફતલાલ પૌત્રી ધ્યાનીના જન્મદિન પ્રસંગે વડુવાળા
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ લખુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હાથપાળીયા
૧૦૦/- અ.નિ. પટેલ નારણભાઈ ઉમેદભાઈ પુણ્ય તિથિ નિમિત્તે નિકોલ
૧૫૧/- શકુંતલાબેન તથા મિલનભાઈ યુ.એસ.એ.ના વિઝા મળ્યા તે નિમિત્તે અસલાલી
૧૫૧/- સાવલીયા ભીખાભાઈ લાખાભાઈ ચિ. જગદીશભાઈના લગ્ન નિમિત્તે નવાનરોડા
૧૦૧/- દલવાડી કરશનભાઈ મોતીભાઈ ચિ. સેજલબેનના જન્મદિને વિરમગામ
૫૦૧/- ભાવસાર હેમંતકુમાર ભરતભાઈ પુત્રના જન્મ પ્રસંગે વિસનગર
૫૦૧/- પટેલ મંજુલાબેન ચુનીલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ નિશ્ચલ હિરેનકુમાર સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૧/- પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને ડેમાઈ
૧૦૧/- પટેલ પ્રેમીલાબેન પ્રવિણભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને ડેમાઈ
૧૦૧/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને ડેમાઈ

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**જાંબુડા બાવાના (જી. જૂનાગઢ) :** શ્રી રમેશભાઈ રણછોડભાઈ મેવાડા કોન્ટ્રાકટર (બાપુનગર)ના ચિ. ભાણેજ શ્રી અશ્વિનભાઈ ધીરૂભાઈ પરમાર (ઉ. ૨૩ વર્ષ) (આપણા મંદિરમાં કડીયાકામ કરતા) તા. ૧૧-૨-૨૦૧૩ના રોજ યુવાન વયે શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના પરિવારને મહારાજ ધૈર્ય અને બળ આપે તેવી પ્રાર્થના.

**અમદાવાદ :** પ.ભ. બળદેવભાઈ કેશવલાલ પટેલ (સોજાવાળા) તા. ૭-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રોહીશાળા (જી. રાજકોટ-મૂળીદેશ) :** પ.ભ. બાબુભાઈ ટાંક (મીરારોડ મુંબઈ)ના પિતાશ્રી પ.ભ. જીણાભાઈ મનજીભાઈ ટાંક (રોહીશાળા મંદિરના પૂજારી ઉ. વર્ષ ૯૫) તા. ૧૮-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધ્રાંગધ્રા (દેવ ચરાડીવાળા) :** પ.ભ. ભાવજીભાઈ ગણેશભાઈ મોટકા (ઉ. ૮૯ વર્ષ) તા. ૩૧-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધોળકા :** પ.ભ. રમણભાઈ અંબાલાલ પટેલ (નેસડાવાળા) તા. ૧૧-૪-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લીલાપુર (મૂળી દેશ હાલ અમદાવાદ) :** પ.ભ. ધનજીભાઈ ઓધવજીભાઈ પટેલના ચિ. દિલીપભાઈ તા. ૫-૪-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કોઠંબા :** શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન પરમ ભગવદિય શ્રી વાસુદેવભાઈ મગનલાલ જોશી તા. ૨-૪-૨૦૧૩ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


















૧.જેતલપુર મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૨. ઈન્દ્રપુરાના ચૌધરી હરિભક્તો મંદિરમાટેની જમીનનો દસ્તાવેજ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરતા.૩. પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા જેતલપુર મંદિર પાટોત્સવના યજમાન પ.ભ.મણીભાઈ ખાંડવાળા પરિવાર. ૪.કાસીન્દ્રા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૫. લાલોડા (ઈડરદેશ) પારાયણ પ્રસંગે સભામાં આશીર્વચન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.લાલજી મહારાજશ્રી અને પ.પૂ.મોટા મહારાજશ્રી. ૬. લખતર મંદિર (મૂળી દેશ) પ્રથમ પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૭. શ્રી નગર કલોલ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી.૮. સર્વોપરિ છપૈયા ધામમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞાથી પ.ભ.નંદુભાઈ(મોટપ-સુરત)આદિ હરિભક્તોએ પ્રસાદીના ગૌઘાટમાં જીર્ણોદ્ધારની સેવા કરી હતી.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014


















૧. પશ્ચિમ કેનેડામાં ઠાકોરજીનો અભિષેક કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.પી.પી.સ્વામી અને સભામાં લાભ લેતા હરિભક્તો. ૨ કોલોનિયા મંદિરમાં રામનવમી નિમિત્તે સભામાં હરિભક્તો લાભ લેતા. ૩. ડેટ્રોઈટ મંદિરમાં ઠાકોરજીને ફૂલદોલોત્સવ પ્રસંગે ફૂલના વાઘાનાં દર્શન. ૪.લોસ એન્જલ્સ મંદિરમાં ઠાકોરજીને ફૂલદોલોત્સવ પ્રસંગે ફૂલના વાઘાનાં દર્શન. ૫. આપણાં આઈ.એસ.એસ.ઓ. એટલાન્ટા મંદિરમાં પ્રથમ મહિલા સત્સંગ શિબિરમાં લાભ લેતા સત્સંગી બહેનો.

શ્રી નરનારાયણદેવદેશ તાબાનું નવનિર્મિત છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર જ્યોર્જીયા - બાયરનમાં

મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૨૪-૬-૨૦૧૩ થી તા. ૩૦-૬-૨૦૧૩

શ્રીમદ્ ભાગવત સપ્તાહ
મહા વિષ્ણુયાગ

International Swaminarayan Satsang Organization

Shree Swaminarayan Temple
5156 Houser Mill Rd
Byron, GA 31008

Jagdish Offset
Praful Kharsani